પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલપંચાલ

વર્ષ : ૨૯ અંક : ૨૦૮ કુલ પાના : ૪ તારીખ : ૨૭-૦૪-૨૦૨૬ સોમવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER:KARAN AJAYKUMAR PANCHAL,PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ગુજરાતમાં ૧૫ મહાનગરપાલિકા, ૮૪નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ૯,૨૬૩ બેઠકો માટે મતદાન

અમદાવાદ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આજે કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે સવારે ૭:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી મતદાન યોજાયું હતું. મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો અને ઉમેદવારોનું ભાવી ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે આ આજે ૧૫ મહાનગરપાલિકા, ૮૪નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ૯,૨૬૩ બેઠકો માટે મતદાન યોજાયું હતું કુલ ૨૫,૫૩૭ ઉમેદવારો મેદાનમાં હતાં મતદાન માટે રાજ્યભરમાં કુલ ૪૮,૪૫૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતાં શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત મતદાન માટે વહીવટી તંત્રે લોખંડી બંદોબસ્ત ગોઠવ્યો હતો અને સુરક્ષા વ્યવસ્થામાં



૯૨,૫૮૩ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા હતાં.

આજે યોજાયેલા મતદાન દરમિયાન કેટલાક સ્થળોએ ભાજપ-આપના કાર્યકરો વચ્ચે મારામારીના બનાવો બન્યા હતાં.કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડી ગયા હતાં જો કે મશીન તાકિદે રીપેર કરીને મતદાન ફરી શરૂ કરવામાં આવ્યું હતું. ભારે ગરમી વચ્ચે યોજાયેલા મતદાનમાં સવારે કેટલાક મતદાન મથકો પર લાઇનો જોવા મળી હતી જયારે બપોરના સમયે મતદાન મથકો ખાલી જોવા મળ્યા હતાં પ્રથમ વખત મતદાન કરનાર મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યા હતો આ ચુંટણીઓ દરમિયાન ૪૫ ટકા જેટલું મતદાન થયું હોવાના અહેવાલો છે અમદાવાદના કુબેરનગરમાં વીવી તોમર સ્કૂલમાં ભાજપ-કોંગ્રેસના નેતાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. વી.વી.તોમર સ્કૂલમાં મારામારી થતા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં

## ભારે ગરમીને કારણે મતદાનની ટકાવારી ઓછી થતાં રાજકીય પક્ષોમાં બેચેની

આવ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ મતદાન મથકે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટના અંગે માહિતી મેળવી હતી. ગોમતીપુરના સત્યમનગરમાં પતરાવાળી સ્કૂલમાં બુથ આપવામાં આવતા લોકો રોષે ભરાયા હતાં પતરાવાળી શાળામાં પાંચ બુથ બનાવવામાં આવ્યા હતાં જેને કારણે ગરમીમાં સ્ટાફ અને મતદારો શેકાયા હતાં . કુલર કે પંખા પણ પુરતા ના હોવાથી મતદારો પણ પરેશાન થયા હતાં.

મહેસાણામાં ધોમધમખા તાપમાં મતદારોની લાઈનો જોવા મળી હતી. ગરમીમાં મતદારો માટે મંડપ, ઓઆરએસ પાણી ની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગરમીના સમયમાં પણ મતદારોની લાંબી લાઇનો જોવા મળી હતી અને દરેક બુથ પર મેડિકલ ટીમને પણ તૈનાત રાખવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં બપોર થતા નીરસ મતદાન જોવા મળ્યું હતું ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં મતદાન કર્યું હતું જ્યારે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મતદાન કર્યા પછી પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે, "ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અને મતદાનનો દિવસ છે. લોકશાહીનો આ પવિત્ર ઉત્સવ દરેક જણે મનાવવો જોઈએ. આ હક અને ફરજ બન્ને સાથે નિભાવવાનો અમૂલ્ય અવસર છે. દરેક જણ મતદાન કરી ભાજપના દરેકને દરેક ઉમેદવારને વિજયી બનાવે તેવી અપીલ કરૂ છું."મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, "ગરમી પણ છે, સાથે સાથે રજાનો દિવસ છે, બન્ને સાથે છે એટલે થોડુક હોય પણ મને લાગે છે કે હવે વોટિંગ શરૂ થશે. આપણે બધાને ફરીથી અપીલ કરૂં છું કે ગરમી હોય, લગ્નગાળો હોય તેમ છતાં પવિત્ર મત અવશ્ય આપવો જોઈએ.

મહેસાણાના દેલા ગામના લોકોએ મહાનગરપાલિકાની ચૂંટણીનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો હતો ગામને પરાણે મહાનગરપાલિકામાં સમાવવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો જેના પરિણામે મતદાન પ્રક્રિયા બિલકુલ ખોરવાઈ ગઈ હતી.અરવલ્લીના સાઠંબામાં લોકશાહી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા જોવા મળી હતી. અહીં ૧૧૦ વર્ષના વૃદ્ધાને તેમના પુત્ર લારીમાં બેસાડીને મતદાન કેન્દ્ર સુધી લાવ્યા હતા. વૃદ્ધાની હાલત જોઈ ફરજ પરના પોલીસકર્મીઓએ માનવતા દાખવી તેમને ઊંચકીને મતદાન મથક સુધી પહોંચાડ્યા હતા, જ્યાં તેમણે મતાધિકારનો ઉપયોગ કરી સૌને જાગૃતિનો સંદેશ આપ્યો હતો.પાટણના સમી તાલુકાના દાઉદપુર ગામમાં ૧૦૮ વર્ષના વૃદ્ધ અણદા ખેંગાર નાડોદાએ મતદાન કરી પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું હતું. દાઉદપુર પ્રાથમિક શાળા ખાતે તેમણે મતદાન કર્યું હતું. વધતી ઉંમર અને શારીરિક મર્યાદાઓ હોવા છતાં લોકશાહી પ્રત્યેનો તેમનો આ જાગૃત અભિગમ ગ્રામજનો અને યુવા મતદારોમાં ભારે આકર્ષણ અને પ્રેરણાનું કેન્દ્ર બન્યો હતો.પંચમહાલ જિલ્લામાં સૌથી વયસ્ક મતદારે પોતાની ફરજ નિભાવી હતી. કાલોલ તાલુકાના કાતોલ ગામે ૧૧૨ વર્ષના વૃદ્ધાએ પોતાના પરિવાર સાથે મતદાન મથકે પહોંચી મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જૂનાગઢના બીલખામાં ૧૧૦ વર્ષના વૃદ્ધે મતદાન કરીને સૌનું ધ્યાન ખેંચ્યું હતું. રસપ્રદ વાત એ છે કે આ વૃદ્ધ રાજાશાહી સમયથી અવિરત મતદાન કરતા આવ્યા છે.

# ભારતના ચાણક્ય અજિત ડોભાલનું ગલ્ફ મિશનઃ સાઉદી અરેબિયા પછી અબુ ધાબી પહોંચ્યા, રાષ્ટ્રપતિ ઝાયેદ અલ નાહ્યાનને મળ્યા

અબુધાબી

મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે, ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અબુ ધાબી પહોંચ્યા. તેમણે યુએઈ ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરી. મીડિયા અહેવાલો અનુસાર, બંને પક્ષોએ પ્રાદેશિક સ્થિરતા અને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભૂ-રાજકીય વિકાસની ચર્ચા કરી. ઈઝરાયલ-ઈરાન યુદ્ધ પછી પ્રદેશમાં વધતા તણાવ વચ્ચે આ બેઠક સુરક્ષા ચિંતાઓ, આર્થિક હિતો અને પરસ્પર સંકલન પર કેન્દ્રિત હતી.એનએસએ અજિત ડોભાલની આ મુલાકાત ખાડી દેશોમાં તેની પહોંચ વધારવાના ભારતના પ્રયાસોનો એક ભાગ છે, જે અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ વચ્ચે ઝડપી બનાવવામાં આવ્યો છે. ડોભાલે અગાઉ ૨૦એપ્રિલે સાઉદી અરેબિયાની મુલાકાત લીધી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના કહેવાથી થયેલી આ મુલાકાતમાં ઉર્જા અને વિદેશ પ્રધાનો સહિત સાઉદી અરેબિયાના વરિષ્ઠ નેતાઓ તેમજ સુરક્ષા અધિકારીઓ સાથે મુલાકાતો શામેલ હતી.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે મુલાકાત વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે "વડાપ્રધાનના નિર્દેશન મુજબ



ગલ્ફ દેશોમાં અમારી પહોંચ ચાલુ છે." રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે ૧૯ એપ્રિલે સાઉદી અરેબિયાની સત્તાવાર મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, તેમણે સાઉદી અરેબિયાના ઉર્જા પ્રધાન અને વિદેશ પ્રધાન તેમજ તેમના યુએઈ સમકક્ષ સાથે મુલાકાત કરી હતી.

રિયાધમાં થયેલી વાટાઘાટોને પ્રાદેશિક અસ્થિરતા પર વિચારોના મહત્વપૂર્ણ આદાનપ્રદાન અને દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા તરફના મહત્વપૂર્ણ પગલા તરીકે વર્ણવવામાં આવી હતી. સાઉદી અરેબિયામાં ચર્ચાઓ ચાર મુખ્ય મુદ્દાઓ પર કેન્દ્રિત હતી: વૈશ્વિક વેપાર માર્ગો પર જોખમો હોવા છતાં સ્થિર પુરવઠા શૃંખલા સુનિશ્ચિત કરવી,હોર્મુઝ સ્ટ્રેટ અને વ્યાપક પર્શિયન ગલ્ફ ક્ષેત્રમાં ચિંતાઓને સંબોધિત કરવી,ગુપ્ત માહિતી શેરિંગ અને સંકલન વધારવું આર્થિક સંબંધોને મજબૂત બનાવવું

# દિલ્હી એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી. ટેકઓફ પહેલા વિમાનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો

નવીદિલ્હી

દિલ્હીથી ઝુરિચ જતી સ્વિસ ઈન્ટરનેશનલ એરલાઈન્સની ફ્લાઈટમાં ૨૩૨ મુસાફરો ટેકઓફ પહેલા જ વિમાનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો ત્યારે બચી ગયા. પાયલોટે તાત્કાલિક ટેકઓફ રદ કર્યો અને મુસાફરોને કટોકટીમાં બહાર કાઢવામાં આવ્યા.અહેવાલો અનુસાર, સ્વિસ ઈન્ટરનેશનલ એરલાઈન્સની ફ્લાઈટ એલએકસ ૧૪૭, રવિવારે સવારે લગભગ ૧ વાગ્યે ઝુરિચ માટે દિલ્હીથી ઉડાન ભરવા માટે તૈયાર હતી. ટેકઓફ દરમિયાન ટેકનિકલ ખામી સર્જાઈ હતી. એન્જિનમાં ખામીને કારણે લેન્ડિંગ ગિયરના બંદર બાજુથી ધુમાડો નીકળવા લાગ્યો હોવાના અહેવાલ છે. ભયનો અનુભવ થતાં, પાયલોટે તાત્કાલિક ટેકઓફ રદ કર્યો. વિમાનમાં સવાર મુસાફરોને ઈમરજન્સી સ્લાઈડ્સ દ્વારા સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

એરલાઈનના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, સાવચેતી રૂપે, તમામ મુસાફરો અને ક્રૂને ઈમરજન્સી સ્લાઈડ્સ દ્વારા સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. કેટલાક મુસાફરો માટે સીડીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. નાની ઈજાઓ અથવા અસ્વસ્થતાને કારણે ૭ મુસાફરોને



તબીબી તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. હાલમાં બધા સારી સ્થિતિમાં હોવાનું જાણવા મળ્યું છે. એરલાઈને જણાવ્યું હતું કે ટેકનિકલ નિષ્ણાતોની એક ટીમ દિલ્હી પહોંચશે અને વિમાનનું નિરીક્ષણ કરશે. વધુમાં, શક્ય તેટલી વહેલી તકે તમામ મુસાફરો માટે વૈકલ્પિક મુસાફરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે.દિલ્હી એરપોર્ટે પણ આ સંદર્ભમાં એક નિવેદન જારી કર્યું છે. નિવેદન અનુસાર, "આજે વહેલી સવારે, સ્વિસ ઈન્ટરનેશનલ એરલાઈન્સની ફ્લાઈટ એલએકસ ૧૪૭રનવે ૨૮/૧૦પર હોવાથી દિલ્હી એરપોર્ટ પર સંપૂર્ણ કટોકટી જાહેર કરવામાં આવી હતી. તમામ સ્થાપિત સલામતી પ્રોટોકોલ તાત્કાલિક લાગુ કરવામાં આવ્યા હતા, અને મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. એરપોર્ટ કામગીરી પર કોઈ અસર પડી ન હતી."

### પીએમ મોદીએ મન કી બાતમાં કહ્યું

# કલ્પક્કમ રિએક્ટર ભારતની પરમાણુ ઉર્જા યાત્રામાં એક સીમાચિહ્નરૂપ છે, વડાપ્રધાન

નવીદિલ્હી

મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશની વૈજ્ઞાનિક કુશળતા અને અવકાશ સિદ્ધિઓ પર મજબૂત સંદેશ આપ્યો. ચૂંટણીના ઉથલપાથલ વચ્ચે પણ, તેમણે જનભાગીદારી અને સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો. પીએમ મોદીએ સ્પષ્ટપણે કહ્યું કે ભારતે હંમેશા વિજ્ઞાનને વિકાસનું સાધન માન્યું છે અને આજે, વૈજ્ઞાનિકોની મહેનતને કારણે, દેશનો અવકાશ કાર્યક્રમ નવી ઊંચાઈઓ પર પહોંચી રહ્યો છે, જે રાષ્ટ્ર નિર્માણનો આધાર બની રહ્યો છે.

પીએમ મોદીએ મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં શાળાની રજાઓ અંગે સંદેશ આપ્યો. તેમણે કહ્યું કે આ બાળકોની રજાઓનો સમય છે અને બધા બાળકોએ તેમની રજાઓનો સંપૂર્ણ આનંદ માણવો જોઈએ. પીએમ મોદીએ બાળકોને ફક્ત મજા કરવા જ નહીં પરંતુ આ સમય દરમિયાન કંઈક નવું શીખવાનો પ્રયાસ કરવાની પણ અપીલ કરી. તેમણે કહ્યું કે રજાઓનો યોગ્ય ઉપયોગ બાળકોના વિકાસમાં મદદ કરી શકે છે અને તેમને નવી વસ્તુઓ શીખવાની તકો પૂરી પાડી શકે છે.

પીએમ મોદીએ મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં ભારતના ડેરી ક્ષેત્ર અને પરંપરાગત ખાદ્ય સંસ્કૃતિ પર ચર્ચા કરી. તેમણે કહ્યું કે ભારતની રાંધણ પરંપરા ફક્ત સ્વાદ સુધી મર્યાદિત નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ અને ઓળખનો પણ



એક ભાગ છે. ભારતીય ચીઝ આ પરંપરાનો એક મહત્વપૂર્ણ ભાગ છે. પીએમ મોદીએ નોંધ્યું કે બ્રાઝિલમાં તાજેતરમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય ચીઝ સ્પર્ધામાં ભારતીય ચીઝ બ્રાન્ડ્સે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું હતું અને પ્રતિષ્ઠિત પુરસ્કારો જીત્યા હતા. આ સિદ્ધિની સોશિયલ મીડિયા પર વ્યાપક ચર્ચા થઈ હતી.

તેમણે નોંધ્યું કે ભારતના ડેરી ક્ષેત્રમાં ઝડપથી નોંધપાત્ર ફેરફારો થઈ રહ્યા છે. મૂલ્યવર્ધન (પ્રક્રિયા) અને નવા ઉત્પાદનો દ્વારા, પરંપરાગત સ્વાદો નવી ઓળખ મેળવી રહ્યા છે. પીએમ મોદીના મતે, આજે ભારતીય ચીઝ વિશ્વભરના ઘણા દેશોમાં પોતાની છાપ છોડી રહ્યું છે, અને ભારતીય સ્વાદ વૈશ્વિક સ્તરે પહોંચી રહ્યો છે, જે દેશ માટે ગર્વની વાત છે.

તેમણે સમજાવ્યું કે જે રાજ્યોમાં લોકોએ પહેલેથી જ પોતાની માહિતી દાખલ કરી છે, ત્યાં વસ્તી ગણતરીના કર્મચારીઓ હવે ઘરે ઘરે જઈને યાદી તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. અત્યાર સુધીમાં, લગભગ ૧.૨ કરોડ પરિવારો માટે આ કાર્ય પૂર્ણ થઈ ગયું છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી એ ફક્ત સરકારનું કામ નથી, પરંતુ સમગ્ર દેશની સહિયારી જવાબદારી છે. દરેક નાગરિકની ભાગીદારી મહત્વપૂર્ણ છે.

તેમણે ખાતરી પણ આપી હતી કે નાગરિકો દ્વારા પૂરી પાડવામાં આવતી માહિતી સંપૂર્ણપણે સુરક્ષિત અને ગુપ્ત રાખવામાં આવશે. કોઈપણ લીકેજ અટકાવવા માટે તેને મજબૂત ડિજિટલ સુરક્ષા પ્રણાલી હેઠળ સુરક્ષિત કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ દેશવાસીઓને આ પ્રક્રિયામાં સક્રિયપણે ભાગ લેવા અને વસ્તી ગણતરી ૨૦૨૭ ને સફળ બનાવવા માટે સાથે મળીને કામ કરવા અપીલ કરી હતી.

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે નાગરિકો હવે તેમની માહિતી જાતે દાખલ કરી શકશે. વસ્તી ગણતરી કર્મચારીઓ તેમના ઘરે જાય તેના લગભગ ૧૫ દિવસ પહેલા આ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી લોકો તેમની માહિતી દાખલ કરવા માટે અનુકૂળ સમય પસંદ કરી શકે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે ફોર્મ ભર્યા પછી, નાગરિકોને એક ખાસ આઈડી આપવામાં આવશે, જે તેમના મોબાઈલ અથવા ઈમેઈલ પર મોકલવામાં આવશે. બાદમાં, જ્યારે વસ્તી ગણતરી કાર્યકરો ઘરે જાય છે, ત્યારે આ આઈડીનો ઉપયોગ માહિતી ચકાસવા માટે કરવામાં આવશે. તેમણે આ સમગ્ર પ્રણાલીને આધુનિક ટેકનોલોજીનો સમાવેશ કરતી એક મોટી સુધારણા ગણાવી, જે દેશમાં વસ્તી ગણતરી પ્રક્રિયાને વધુ સરળ, ઝડપી અને વિશ્વસનીય બનાવશે.

મોદીએ મન કી બાતના ૧૩૩મા એપિસોડમાં દેશમાં આગામી વસ્તી ગણતરી અભિયાન વિશે મહત્વપૂર્ણ માહિતી આપી. તેમણે કહ્યું કે દેશમાં હાલમાં એક મોટું અને મહત્વપૂર્ણ અભિયાન ચાલી રહ્યું છે, જેના વિશે દરેક નાગરિકને જાણવાની જરૂર છે. આ વસ્તી ગણતરી અભિયાન છે, જેને વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી કવાયત માનવામાં આવે છે.

પીએમ મોદીએ નોંધ્યું હતું કે આ મહિનાની શરૂઆતમાં, ફ્રાન્સના બોર્ડેક્સમાં યુરોપિયન ગર્લ્સ મેથેમેટિકલ ઓલિમ્પિયાડ યોજાયો હતો, જ્યાં ભારતીય વિદ્યાર્થીઓએ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે આ સ્પર્ધામાં ભારતીય ટીમ વિશ્વમાં છઠ્ઠા ક્રમે રહી છે, જે દેશ માટે ગર્વની વાત છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું, આ વખતે મતદાન માટે ગુજરાત ન આવ્યાં

ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે મતદાન યોજાયું હતું રાજયના ૧૫ મ્યુનિસિપલ કોર્પોરેશનો (અમદાવાદ, સુરત, રાજકોટ સહિત), ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોની કુલ ૯,૨૬૨ બેઠકો માટે મતદાન થયું છે ચૂંટણીના પરિણામો ૨૮ એપ્રિલે જાહેર કરવામાં આવશે.

આ ચૂંટણીમાં મોટા રાજકીય નેતાઓ પણ સક્રિય રીતે ભાગ લીધો હતો કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે પોતાના પરિવાર સાથે મતદાન કર્યું હતું આ ઉપરાંત ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશના રાજયપાલો સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ પણ ગુજરાતમાં મતદાન કર્યું હતું વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલેથી જ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કર્યું હતું તેઓ અન્ય રાજયમાં ચૂંટણી કાર્યક્રમો અને 'મન કી બાત' જેવા મહત્વપૂર્ણ કાર્યક્રમોને કારણે ગુજરાતમાં હાજર રહી શક્યા નહોતા.

# અમેરિકામાં વ્હાઈટ હાઉસમાં ડિનર પાર્ટી દરમિયાન થયેલી ગોળીબારીની ઘટનામાં ટ્રમ્પ માંડ બચી ગયા

વોશિંગ્ટન

ઈરાન અને યુએસ વચ્ચે શાંતિ મંત્રણાનો બીજો રાઉન્ડ પણ ખોરવાઈ ગયો છે. ઈરાની પ્રતિનિધિમંડળે પાકિસ્તાની ફિલ્ડ માર્શલ અસીમ મુનીર અને વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી અને યુએસ માંગણીઓના જવાબમાં પોતાની શરતો રજૂ કરી. ઈરાને યુએસ સાથે રૂબરૂ વાતચીત કરવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. આ દરમિયાન, ટ્રમ્પે તેમની વાટાઘાટ ટીમને પાકિસ્તાન મોકલવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે. દરમિયાન, શનિવારે રાત્રે વ્હાઈટ હાઉસની ડિનર પાર્ટીમાં ગોળીબાર થયો હતો, જ્યાં ટ્રમ્પ પણ હાજર હતા. જોકે, તેઓ આ હુમલામાં માંડ બચી ગયા.

શનિવાર રાત્રે વ્હાઈટ હાઉસની ડિનર પાર્ટી દરમિયાન થયેલા ગોળીબારનો વિડિઓ સામે આવ્યો છે. તેમાં હુમલા દરમિયાન ટ્રમ્પ પોતાના જીવ બચાવવા ભાગી રહ્યા હોવાનું દર્શાવવામાં આવ્યું છે. સુરક્ષા એજન્સીઓએ ટ્રમ્પને સુરક્ષિત રીતે બચાવી લીધા.વ્હાઈટ હાઉસ પર હુમલો કરવામાં આવ્યો હતો. એક અજાણ્યા હુમલાખોરે અચાનક ડિનર પાર્ટીમાં ઘૂસીને ગોળીઓ ચલાવી. યુએસ સિક્રેટ સર્વિસે તાત્કાલિક પ્રતિક્રિયા આપી અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા. વ્હાઈટ હાઉસમાં ડિનર પાર્ટી દરમિયાન, એક અજાણ્યો હુમલો કરનાર ટ્રમ્પના સુરક્ષા રક્ષકોની સામે જ ગોળીની ઝડપે વ્હાઈટ હાઉસમાં ઘૂસી ગયો. ટ્રમ્પને મારવા માટે મક્કમ બનેલા હુમલાખોરે ફિલ્મી શૈલીમાં અંદર જતા તમામ સુરક્ષા રક્ષકો પર ગોળીઓ ચલાવી. આખું વ્હાઈટ હાઉસ ગભરાટમાં હતું. ડોનાલ્ડ ટ્રમ્પ પણ પાર્ટીમાં હાજર હતા અને કેટલાક અધિકારીઓ સાથે ટેબલ પર બેઠા હતા અને વાતચીત કરી રહ્યા હતા. હુમલાખોર ટ્રમ્પની ખૂબ નજીક આવી ગયો હતો. ટ્રમ્પ અને મૃત્યુ વચ્ચે માત્ર થોડી જ સેકન્ડ બાકી હતી ત્યારે યુએસ સિક્રેટ સર્વિસે અચાનક હુમલાખોરને કાબુમાં લીધો.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હુમલા પછી પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. ટ્રમ્પે કહ્યું છે કે રાષ્ટ્રપતિ બનવું એ એક ખતરનાક વ્યવસાય છે. તેમણે કહ્યું કે આવા હિંસક પ્રયાસો "તેમના કામનો ભાગ" છે. ટ્રમ્પે કહ્યું કે હુમલાખોરની ઓળખ અને હેતુ વિશે વધુ માહિતી ટૂંક સમયમાં આવશે, પરંતુ દુનિયા એક હિંસક જગ્યા છે. તેમણે કહ્યું, "જ્યારે તમે પ્રભાવશાળી હોવ છો, ત્યારે લોકો તમારી પાછળ પડે છે."

રાષ્ટ્રપતિ ટ્રમ્પે હુમલા દરમિયાન પરિસ્થિતિનો બહાદુરીથી સામનો કરવા બદલ ગુપ્ત સેવાની પ્રશંસા કરી અને સંકેત આપ્યો કે હુમલાખોર ટ્રમ્પ જ્યાં સ્ટેજ પર બેઠા હતા તે બોલરૂમ સુધી પહોંચવાથી ઘણો દૂર હતો. જ્યારે મોટાભાગના પત્રકારો રાત્રિભોજન માટે ટકસીડો અને ભવ્ય પોશાક પહેર્યા હતા, ત્યારે ટ્રમ્પે ટિપ્પણી કરીઃ "હું ઘણા બધા ટક્સીડો અને ભવ્ય પોશાક જોઈ રહ્યો છું." હુમલા પછી, ટ્રમ્પે કહ્યું કે આ કાર્યક્રમ પછીની તારીખ માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવશે, અને તે થશે. તેમણે ઉમેર્યું કે આ કાર્યક્રમ "વધુ સારો" હશે અને "અમે તેને સુરક્ષિત બનાવીશું."

યુએસ સુરક્ષા એજન્સીઓએ હુમલાખોરને પકડી લીધો છે, પરંતુ તેનો હેતુ અસ્પષ્ટ છે. યુએસ એટર્ની જીનીન પિરોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ પર હાલમાં બે આરોપો લગાવવામાં આવ્યા છેઃ બંદૂકનો ઉપયોગ અને એક અધિકારી પર



ખતરનાક હથિયારથી હુમલો. જો કે, વધુ આરોપો લાગી શકે છે. પિરોએ જણાવ્યું હતું કે શંકાસ્પદને સોમવારે ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. વોશિંગ્ટન, ડી.સી.ના વચગાળાના પોલીસ વડાએ જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિ પાસે શોટગન, હેન્ડગન અને અનેક છરીઓ સહિત અનેક હથિયારો હતા. તેમણે ઉમેર્યું હતું કે તપાસકર્તાઓને હાલમાં કોઈ અન્ય વ્યક્તિ સંડોવાયેલી હોવાની શંકા કરવાનું કોઈ કારણ દેખાતું નથી.

ગોળીબાર કરનાર શંકાસ્પદ વ્યક્તિની ઓળખ કોલ થોમસ એલન, ૩૧ તરીકે થઈ છે. આ ઘટના કેલિફોર્નિયાના ટોરેન્સના એક વ્યક્તિ દ્વારા કરવામાં આવી હતી. ટ્રમ્પે ગોળીબાર સાંભળતાં જ પોતાનો પહેલો વિચાર વર્ણવ્યો. શરૂઆતમાં તેમણે વિચાર્યું કે ટ્રે પડી ગઈ હશે કારણ કે અવાજ "ઘણા દૂરથી" આવતો હોય તેવું લાગતું હતું. પરંતુ તેમણે કહ્યું કે ફર્સ્ટ લેડીને તરત જ ખબર પડી ગઈ કે ગોળીબાર છે. "મને લાગે છે કે તેણી તરત જ જાણી ગઈ," ટ્રમ્પે કહ્યું. તેમણે તેમની પત્નીને યાદ કરીને કહ્યું, "તે એક ખરાબ અવાજ છે." રાષ્ટ્રપતિએ કહ્યું કે ગોળીબાર કરનારનો હેતુ સ્પષ્ટ નહોતો, પરંતુ "જ્યારે તે નીચે હતો ત્યારે તે ખૂબ જ ખરાબ દેખાતો હતો.એફબીઆઈના ડિરેક્ટર કાશ પટેલે જણાવ્યું હતું કે એજન્સી ઘટનાસ્થળેથી મળેલી લાંબી બંદૂક અને દારૂગોળાની તપાસ કરી રહી છે, તેમજ રાત્રિભોજનમાં હાજર સાક્ષીઓની પૂછપરછ કરી રહી છે. તેમણે માહિતી ધરાવતા કોઈપણ વ્યક્તિને આગળ આવવા અપીલ કરી. પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં, ટ્રમ્પે સુરક્ષા પગલાં વધારવાની હાકલ કરતા કહ્યું, "આજે આપણને એવી સુરક્ષાની જરૂર છે જે પહેલાં ક્યારેય કોઈએ જોઈ ન હોય." તેમણે શનિવારની ઘટનાને વ્હાઈટ હાઉસમાં નિર્માણાધીન તેના બોલરૂમની જરૂરિયાતનું કારણ ગણાવ્યું. બ્રીફિંગ દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે શંકાસ્પદ વ્યક્તિ પાસે અનેક હથિયારો હતા, જેને ગુપ્ત સેવાએ અટકાવ્યા. એક અધિકારીને ગોળી વાગી હતી પરંતુ તેને બુલેટપ્રૂફ વેસ્ટ દ્વારા સુરક્ષિત રાખવામાં આવ્યો હતો. ૧૯૮૧માં, તત્કાલીન યુએસ રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનને આ જ સ્થળે ગોળી વાગી હતી. રીગનને હિલ્ટન હોટેલની બહાર જોન હિંકલી જુનિયર દ્વારા ગોળી વાગી હતી. આ ઘટના બાદ, હોટેલની સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા,

# મહીસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન

## જિલ્લાના તમામ મતદાન મથકો પર ઉત્સાહભેર મતદાન થયુ

### વહેલી સવારથી જ મતદાન મથકો પર જાગૃત મતદારોની લાંબી કતારો જોવા મળી

મહિસાગર, મહીસાગર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તેમજ લુણાવાડા નગરપાલિકાના વોર્ડ નંબર ૫ ની ૧ બેઠકની પેટા ચૂંટણી માટે આજે સવારે ૭:૦૦ કલાકથી સંપૂર્ણ શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં મતદાન પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી પૂર્વતૈયારીઓ અને સુદ્રઢ વ્યવસ્થાના પરિણામે, જિલ્લાના તમામ મતદાન મથકો પર સમયસર અને કોઈપણ જાતની અડચણ વિના મતદાન શરૂ કરી દેવામાં આવ્યું છે.લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી થવા માટે

### મહિસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે મોટા સોનેલા મતદાન મથકની લીધી મુલાકાત : ચૂંટણી પ્રક્રિયાનું કર્યું નિરીક્ષણ



મહિસાગર, મહીસાગર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત સવારથી જ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. લોકશાહીના આ પર્વમાં મતદાન પ્રક્રિયા ન્યાયી, પારદર્શક અને ભયમુક્ત વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગર સીધી દેખરેખ રાખી રહ્યા છે.

જે અંતર્ગત જિલ્લા કલેક્ટર સુશ્રી અર્પિત સાગરે મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન કેન્દ્રની અચાનક મુલાકાત લીધી હતી.આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરએ મતદાન કેન્દ્ર પર ચાલી રહેલી પ્રક્રિયાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.વધુમાં, વર્તમાન ગરમીના માહોલને ધ્યાનમાં રાખીને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આપવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ મતદારો માટે પીવાનું પાણી અને વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગો માટે સુવિધાઓ યોગ્ય રીતે ઉપલબ્ધ છે કે કેમ તેની જાતમાહિતી મેળવીને સંતોષ વ્યક્ત કર્યો હતો.

### મહીસાગર જિલ્લામાં લોકશાહીનો અદ્ભુત નજારો : લુણાવાડાના સેના દરિયા ગોરાળા ખાતે ૧૦૭ વર્ષીય કિશોરબા સોલંકીએ કર્યું મતદાન



મહિસાગર, મહીસાગર જિલ્લામાં આજે ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં મતદારોનો અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લોકશાહીના આ પર્વમાં જ્યાં એક તરફ યુવા મતદારો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે, ત્યાં બીજી તરફ શતાબ્દી વટાવી ચૂકેલા વડીલો પણ રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ નિભાવવામાં અગ્રેસર જોવા મળી રહ્યા છે. આજે લુણાવાડા ખાતે લોકશાહીને ઉજાગર કરતું અને સૌને પ્રેરણા આપતું એક અત્યંત અદભુત દ્રશ્ય જોવા મળ્યું હતું.

લુણાવાડાના સેના દરિયા ગોરાળા ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન મથક પર સુતારી ગામના રહીશ અને ૧૦૭ વર્ષની અતિ જૈફ વય ધરાવતા વૃદ્ધા કિશોરબા સોલંકીએ પોતાનો કિંમતી મત આપીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. ૧૦૭ વર્ષની ઉંમરે, એટલે કે જીવનની એક સદી પૂર્ણ કર્યા પછી પણ લોકશાહી પ્રત્યેનો તેમનો સંકલ્પ જરા પણ ડગ્યો નથી.

આજે સવારે જ કિશોરબા યુવાનોને શરમાવે તેવા અનેરા ઉત્સાહ સાથે પોતાના પરિવારજનો સાથે સેના દરિયા ગોરાળા મતદાન મથકે પહોંચ્યા હતા અને ઈ.વી.એમ. (EVM) મશીનનું બટન દબાવી પોતાના મતાધિકારનો પવિત્ર ઉપયોગ કર્યો હતો. ઉંમરના આ પડાવે શારીરિક મર્યાદાઓ હોવા છતાં, કોઈ પણ બહાના કાઢ્યા વિના કિશોરબાએ મતદાન કરીને અન્ય નાગરિકો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.તેમનો આ અદમ્ય ઉત્સાહ જોઈને મતદાન મથક પર ઉપસ્થિત ચૂંટણી સ્ટાફ અને અન્ય મતદારો પણ અભિભૂત થઈ ગયા હતા. ૧૦૭ વર્ષની વયે તેમનું આ મતદાન એ લોકો માટે એક જાગૃતિનો અને પ્રેરણાનો સંદેશ છે જેઓ સામાન્ય કારણોસર મતદાન કરવા જવાનું ટાળે છે.

## ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સુદ્રઢ વ્યવસ્થા વચ્ચે લોકશાહીના પર્વની શાનદાર ઉજવણી

મહીસાગર જિલ્લાના મતદારોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. આજે વહેલી સવારથી જ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના મતદાન મથકો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે. વિશેષ કરીને મહિલાઓ, યુવાનો અને વરિષ્ઠ નાગરિકો ઉત્સાહભેર પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ઉમટી પડ્યા છે.

સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરિકો ભયમુક્ત વાતાવરણમાં મતદાન કરી શકે તે માટે પોલીસ તંત્ર દ્વારા તમામ મતદાન મથકો પર અને સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અત્યાર સુધી ક્યાંયથી પણ કોઈ અનિચ્છનીય બનાવ કે મોટી ફરિયાદ સામે આવી નથી, અને મતદાન પ્રક્રિયા અત્યંત પારદર્શક અને સરળતાથી ચાલી રહી છે.વહીવટી તંત્ર દ્વારા જિલ્લાના તમામ બાકી રહેલા મતદારોને પણ સમયસર મતદાન મથકે પહોંચી, લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે પોતાનો પવિત્ર મત અચૂક આપવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સવારથી જ જિલ્લાના મતદારોમાં જોવા મળતો ભારે ઉત્સાહ

### “હું આ ઉંમરે મત આપી શકતો હોઉં, તો સૌએ આપવો જોઈએ“: અન્ય નાગરિકોને મતદાન કરવા કાળુભાઈની અપીલ

મહિસાગર, મહીસાગર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી અંતર્ગત સવારથી જ શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક માહોલમાં મતદાન પ્રક્રિયા ચાલી રહી છે. લોકશાહીના આ મહાપર્વમાં યુવાનોથી લઈને મહિલાઓ અને વૃદ્ધોમાં ભારે અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લાના વિવિધ મતદાન મથકો પર સવારથી જ જાગૃત મતદારોની કતારો જોવા મળી રહી છે, ત્યારે જિલ્લાના મોટા સોનેલા ગામમાંથી યુવાનોને શરમાવે તેવો એક અત્યંત પ્રેરણાદાયક કિસ્સો સામે આવ્યો છે.

મોટા સોનેલા ગામના રહીશ અને ૮૦ વર્ષની જૈફ વય ધરાવતા વડીલ કાળુભાઈ વણકરે આજે ઉંમર અને શારીરિક અશક્તિને બાજુ પર મૂકીને લોકશાહી પ્રત્યેની પોતાની અનોખી નિષ્ઠા દર્શાવી છે. તેઓ લાકડીના સહારે ધીમે ધીમે ચાલીને મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે ઊભા કરવામાં આવેલા મતદાન કેન્દ્ર પર પહોંચ્યા હતા અને પોતાના મતાધિકારનો પવિત્ર ઉપયોગ કર્યો હતો.૮૦ વર્ષની ઉંમરે પણ ભારે ઉત્સાહ સાથે મતદાન કરવા પહોંચેલા કાળુભાઈએ અન્ય યુવાનો અને ગ્રામજનો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. મતદાન કર્યા બાદ તેમણે બૂથની બહાર અન્ય નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, “મતદાન એ આપણો પવિત્ર અધિકાર અને સૌથી મોટી ફરજ છે. જો હું ૮૦ વર્ષની ઉંમરે લાકડીના ટેકે

### મોટા સોનેલા પ્રાથમિક શાળા ખાતે ૮૦ વર્ષની જૈફ વયે કાળુભાઈએ શારીરિક અશક્તિ વચ્ચે પણ અદા કરી પવિત્ર ફરજ



આવીને મત આપી શકતો હોઉં, તો દરેક નાગરિકે પોતાનો સમય કાઢીને લોકશાહીના આ પર્વમાં અચૂક મતદાન કરવા જવું જોઈએ.“અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર સુશ્રી અર્પિત સાગરના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો પર વડીલો, દિવ્યાંગો અને મહિલાઓ માટે વિશેષ સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. જેના પરિણામે કાળુભાઈ જેવા અનેક વડીલો કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના સરળતાથી પોતાનો મત આપી રહ્યા છે અને લોકશાહીને વધુ સુદ્રઢ બનાવી રહ્યા છે.

## મોટા સોનેલાના યુવા મતદાર પટેલ યશકુમારે પ્રથમ વખત મતદાન કરી હર્ષની લાગણી વ્યક્ત કરી

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વડીલોની સાથે સાથે યુવા મતદારોમાં પણ જોવા મળતો ભારે થનગનાટ

મહિસાગર, મહીસાગર જિલ્લામાં આજે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં લોકશાહીના આ મહાપર્વની અનોખી રોનક જોવા મળી રહી છે. એક તરફ વડીલો લાકડીના ટેકે મતદાન મથકે પહોંચી રહ્યા છે, તો બીજી તરફ નવી પેઢીના યુવા મતદારો પણ એટલા જ ઉત્સાહથી પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા બૂથ પર ઉમટી પડ્યા છે. જિલ્લાના મોટા સોનેલા ગામના એક યુવાને આજે પ્રથમ વખત મતદાન કરીને લોકશાહી પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી છે.

મોટા સોનેલા ગામના રહેવાસી યુવાન પટેલ યશકુમારે આજે પોતાના જીવનમાં પહેલીવાર મતદાન કર્યું હતું. યશકુમાર આજે સવારે ભારે ઉત્સાહ સાથે પોતાના ગામના મતદાન મથકે પહોંચ્યા હતા. તેમણે ઈ.વી.એમ. (EVM) મશીન દ્વારા પોતાનો કિંમતી મત આપીને લોકશાહીના આ પર્વમાં ગૌરવભેર સહભાગીદારી નોંધાવી હતી.પ્રથમ વખત મતદાન કર્યા બાદ આંગળી પર લગાવેલી શાહીનું નિશાન ગર્વથી દર્શાવતા પટેલ યશકુમારે ભારે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના

### “મારો મત, મારું ભવિષ્ય“: અન્ય યુવાનો અને નાગરિકોને પણ મતદાન મથકે જઈ અચૂક મતદાન કરવા યશકુમારની અપીલ





પ્રતિભાવમાં જણાવ્યું હતું કે, “આજે પહેલીવાર લોકશાહીના આ પર્વમાં જોડાઈને મતદાન કરવાનો મને ખૂબ જ ગર્વ અને આનંદ છે. આપણો એક મત આપણા વિસ્તાર અને દેશનું ભવિષ્ય નક્કી કરે છે. મેં મારી ફરજ નિભાવી છે, હવે તમારો વારો છે.“સાથે જ યશકુમારે તેમના જેવા અન્ય યુવા મિત્રો, પ્રથમ વખત મતદાન કરતા યુવા મતદારો તેમજ તમામ ગ્રામજનોને અપીલ કરતા જણાવ્યું હતું કે, કોઈ પણ કામ પડતું મૂકીને સૌપ્રથમ મતદાન કરવા જવું જોઈએ અને આ પવિત્ર ફરજ અચૂક નિભાવવી જોઈએ.

## ખાનપુર તાલુકાના નાના ખાનપુર ગામે વરરાજાએ પરણવા જતા પહેલા કર્યું મતદાન

મહિસાગર, મહીસાગર જિલ્લામાં આજે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં લોકશાહીના અનોખા અને અદભુત રંગો જોવા મળી રહ્યા છે. જિલ્લાના મતદારો ભારે ઉત્સાહથી મતદાન કરી રહ્યા છે, ત્યારે ખાનપુર તાલુકામાંથી એક અત્યંત પ્રેરણાદાયક અને હૃદયસ્પર્શી કિસ્સો સામે આવ્યો છે. અહીં એક યુવાને પોતાના જીવનના સૌથી રૂડા અવસર એટલે કે લગ્ન પ્રસંગ કરતા પણ લોકશાહીના પર્વને વધુ પ્રાધાન્ય આપીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ખાનપુર તાલુકાના નાના ખાનપુર ગામે આજે એક યુવાનના લગ્નનો પ્રસંગ હતો. આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા મુજબ વાજતે-ગાજતે જાન પ્રસ્થાન કરવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. વરરાજા સંપૂર્ણ પારંપરિક પોશાકમાં સજ્જ હતા. પરંતુ, આ જાગૃત યુવાને મતદાનને પોતાની પ્રથમ અને નૈતિક ફરજ સમજીને, પરણવા જતા પહેલાં મતદાન મથકે જવાનો અડગ નિર્ણય કર્યો.

વરરાજા પોતાની જાન અને પરિવારજનો સાથે ઢોલ-નગારાના તાલે વાજતે-ગાજતે સીધા જ નાના ખાનપુરના મતદાન મથકે પહોંચ્યા હતા અને સૌપ્રથમ પોતાનો કિંમતી મત આપ્યો હતો. લગ્નના મંડપમાં જતા પહેલાં લોકશાહીના મંડપમાં પોતાની હાજરી નોંધાવનાર આ વરરાજાએ મતદાન મથક પર ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા હતા.મતદાન કર્યા બાદ આંગળી પર લગાવેલી શાહી ગર્વભેર બતાવીને વરરાજાએ અન્ય મતદારોને પણ અપીલ કરી હતી કે, “જીવનમાં લગ્ન કે અન્ય કોઈ પણ સામાજિક પ્રસંગ હોય, પરંતુ મતદાન એ આપણી સર્વોચ્ચ

### આદિવાસી સંસ્કૃતિ મુજબ વાજતે-ગાજતે જાન લઈને નીકળેલા વરરાજા પરિવાર સાથે પહોંચ્યા મતદાન મથકે



ફરજ છે. મેં મારા લગ્ન પહેલાં મારું મતદાન પૂર્ણ કર્યું છે, તો આપ સૌ પણ આપના તમામ કામો પડતા મૂકીને પહેલા મતદાન અવશ્ય કરો અને લોકશાહીને મજબૂત બનાવો.“

## વાડજના વિકલાંગ મતદારે પગની આંગળીથી મતદાન કરી લોકશાહી પ્રત્યે જાગૃતિ ફેલાવી

અમદાવાદ

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીને લઈ મતદાન ચાલી રહ્યું છે. જોકે મતદાનની આ પ્રક્રિયામાં હજુ પણ ઘણા મતદાન મથકો પર મતદારોનો ધસારો જોવા મળતો નથી, ત્યારે અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતા મનજીભાઈ રામાણીએ લોકશાહીના પર્વમાં મતદાનનો અનોખો મેસેજ આપ્યો છે. પોતે બે હાથથી વિકલાંગ હોવા છતાં તેઓએ મતદાન મથકે પહોંચી કિંમતી વોટ આપ્યો હતો અને હાથ ન હોવાથી મતદાન મથકમાં તેમના ડાબા પગની આંગળીએ શાહીનું નિશાન કરાવવામાં આવ્યું હતું.

મળતી માહિતી મુજબ, અમદાવાદના વાડજ વિસ્તારમાં રહેતા આ વિકલાંગ મનજીભાઈ છેલ્લા ૩૫ વર્ષથી આ રીતે જ મતદાન કરે છે. તેઓએ જણાવ્યું કે, વર્ષ ૧૯૭૦માં રાજકોટમાં શેરડી પીલવાના કારખાનામાં ગોળ બનાવવાનું કામ કરતા હતા. ત્યારે તેમના બંને હાથ મશીનમાં આવી જતા કપાઈ ગયા હતા. ત્યારે મનજીભાઈની ઉંમર માત્ર ૯ વર્ષ હતી. જોકે મનજીભાઈની કલાકારી અજોડ છે. તેઓ બે હાથ નહીં હોવા છતાં મોં વડે ચિત્રો દોરી શકે છે અને છેલ્લા ૩૫ વર્ષથી લોકશાહીના પર્વમાં મતાધિકારનો ઉપયોગ કરે છે.

વાડજમાં રહેતા મનજીભાઈ રામાણીએ મતદાનનો અનોખો મેસેજ આપ્યો છે. બે હાથ નહીં હોવા છતાં તેઓ દરેક ચૂંટણીમાં મતદાન કરે છે. હાથ નહીં હોવાથી તેમને વોટ આપ્યા બાદ ડાબા પગની આંગળીએ શાહીનું નિશાન કરાવવામાં આવે છે. મતદાન કરતા પૂર્વે તેઓએ મોં વડે પેન પકડી સહી કરે છે.મહત્વનું છે કે મનજીભાઈ લોકસભાની ચૂંટણી હોય કે વિધાનસભાની ચૂંટણી હોય કે પછી સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોય, દરેક ચૂંટણીમાં અચૂક મતદાન કરે છે. તેઓનું માનવું છે કે દરેક લોકોએ મતદાન કરવું જોઈએ તેવી તેઓએ અપીલ પણ કરી છે. તેઓ પત્ની કૈલાશબેન રામાણી સાથે મતદાન માટે પહોંચ્યા હતા. બંને દંપતીએ મતદાનનો મેસેજ આપ્યો છે. આમ, શરીરે સશક્ત લોકો પોતે મતદાન કરવા ઘરની બહાર નથી નીકળતા ત્યારે તેવા લોકો માટે મનજીભાઈ ઉદાહરણ રૂપ બન્યા છે.

## આપની આજ.......

મેષ: આજે તમામ કામ પૂર્ણ મહેનતથી કરશો, જેના કારણે દિવસભર લાભની તકો મળશે. તમે પરિવારમાં શાંતિ અને સ્થિરતાનો આનંદ મેળવશો. કામમાં નવી તાજગી પણ આવશે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે ફાયદાકારક રહેશે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ભૂલ થઈ શકે છે. કોઈ મોટું કામ કરતા પહેલાં અનુભવી લોકો સાથે સલાહ લેવાનું નિશ્ચિત કરો.

મિથુન: આજનો દિવસ સામાન્ય રહેશે. ભાગીદારીમાં કરવામાં આવતા ધંધામાં ઘણો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજ પતાવવાની આજે સુવર્ણ તક છે. કાર્યક્ષેત્રમાં કાર્ય સમયે મન બીજે ક્યાંક ભટકવાનું શરૂ કરશે

કર્ક: કાર્યક્ષેત્રમાં આજે તમારું ધ્યાન નવી યોજનાઓ પર કેન્દ્રિત રહેશે અને તમને અધિકારીઓનો પૂરો સહયોગ પણ મળશે. ધાર્મિક યાત્રા પર જવા માટે અચાનક યોજના બનશે, જેનાથી મનને શાંતિ પણ મળશે.

સિંહ: ઉતાવળમાં કોઈ કાર્ય કરવાનું ટાળો, નહીં તો મુશ્કેલી વધી શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો. અધિકારીઓ સાથેના સંબંધો સુધરશે અને રોજગારની સ્થિતિમાં સુધાર થશે.

કન્યા: ધંધાના મામલામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની સંભાવના છે. રોજિંદા કાર્યોથી આગળ કંઈક નવું કરવાનો પ્રયાસ કરો. લવ મેરેજમાં રસ ધરાવતા લોકો માટે સમય અનુકૂળ છે.

તુલા: આજે તમને રચનાત્મક કાર્ય કરવાનું મન થશે. આજે તમારી આસપાસનું વાતાવરણ હળવું બનશે. દિવસના પહેલા ભાગમાં થોડી મૂંઝવણ રહેશે, જેના કારણે મન પરેશાન થઈ શકે છે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે ખાસ ધ્યાન રાખશો. તમારા આહારમાં બેદરકાર ના બનો. બિઝનેસમાં જોખમ લેવાનું પરિણામ આજે ફાયદાકારક રહેશે. ધૈર્ય અને તમારા નરમ વર્તનથી ઘરની સમસ્યાઓ સુધારી શકાય છે.

ધન: વ્યસ્તતા દિવસભર રહેશે પરંતુ ધાર્મિક કાર્યો માટે સમય કાઢશો. જીવનસાથી તમને કાર્યક્ષેત્રમાં દગો આપી શકે છે, તેથી કાળજીપૂર્વક કામ કરો. જો વિદ્યાર્થીઓ અભ્યાસ માટે થોડો સમય કાઢશે તો તે વધુ સારું રહેશે.

મકર: કૌટુંબિક ખર્ચામાં વધારો થવાને કારણે તમે દબાણનો અનુભવ કરી શકો છો. વિદ્યાર્થીઓને શિક્ષણ ક્ષેત્રે કેટલીક અડચણોનો સામનો કરવો પડી શકે છે.

કુંભ: આર્થિક મામલામાં સ્પષ્ટતાના અભાવને કારણે કોઈ પ્રિયજન સાથે વિવાદ થઈ શકે છે. પરસ્પર વાટાઘાટો, વ્યવહારમાં સંયમ અને સાવચેતી રાખવી. બપોરે કામના ધસારાને લીધે તમે શારીરિક નબળાઈ અનુભવી શકો છો, જેનાથી હાથ અને પગ પર અસર થઈ શકે છે.

મીન: ધંધામાં ઝડપથી નિર્ણયો નહીં લેવાને કારણે કોઈ અવરોધ અથવા નુકસાન થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મોટાભાગની યોજનાઓ સફળ થશે, જેનાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

## દેલોલના બંધ મકાન ને નિશાન બનાવી સોના ઘરેણાં રોકડ મળી રૂ ૧ ૯૮૧૭૦/ ની ચોરી અજાણ્યા તસ્કરો સામે કાલોલ પોલીસ મથકે ફરિયાદ

કાલોલ, દેલોલ ભટવાડા ગામે જીનેન્દ્રભાઈ બાબુભાઈ કનોજીયા ના બંધ મકાન ને અજાણ્યા ચોર એ નિશાન બનાવી મકાન માંથી સોના ઘરેણાં કિંમત રૂ ૧ ૯૮૧૭૦/ ની ચોરી કરી ફરાર થતા અજાણ્યા તસ્કરો સામે કાલોલ પોલીસ મથકે નોંધાઈ છે ફરિયાદી જીનેન્દ્રભાઈ બાબુભાઈ કનોજીયા પોતાની પત્નીને ગર્ભાશયનુ ઓપરેશન કરવાનુ હોવાથી તા ૧૨/૦૪/૨૦૨૬ ના રોજ થી તા ૨૧/૦૪/૨૦૨૬ સુધી મકાન ને તાળુ મારી વડોદરા ખાતે દાખલ કરેલ અને પત્નીનું ઓપરેશન થયા બાદ તા ૧૫/૦૪/૨૦૨૬ ના રોજ દવાખાનામાથી રજા આપતા ફરિયાદી પત્નીને લઇ તેઓના ભાઇના ઘરે રોકાયેલ હતા. અને ત્યાથી ખાનગી નોકરી એ જવા માટે અપડાઉન કરતા હતા અને ગઈ તા ૨૧/૦૪/૨૦૨૬ ના રોજ ફરિયાદી નોકરી ઉપર હતા ત્યારે આશરે બારેક વાગ્યાની આસ પાસ તેઓની પત્નીનો ફોન આવેલ અને તેઓએ જણાવેલ કે, આપણા ઘરની સામે રહેતા પારૂલબેન ભટ્ટ નાઓનો ફોન આવેલ અને તેઓએ વાત કરેલ છે કે, તમારા ઘરનું તાળુ તુટેલ છે અને દરવાજો ખુલ્લો છે તમો ઘરે આવો તેવી વાત કરેલ જેથી ફરિયાદી કંપનીમાંથી રજા લઈ દેલોલ ખાતે પાંચેક વાગ્યાની આસપાસ પહોંચતા ત્યા પત્ની તથા તેઓના ભાઈ નિતિનભાઇ હાજર હોય જેથી તેઓએ જોયેલ તો તેઓના ઘરના આગળના લોખંડના દરવાજો ખુલ્લો હતો અને તેની પાછળ બીજો લાકડાનો દરવાજાને ને મારેલ તાળું તોડી નાખેલ હોવાથી નકુચો વળી ગયેલ અને અંદરના લોક પણ તુટેલ હોય જેથી તેઓએ મકાનમાં પ્રવેશ કરી ખાત્રી તપાસ કરતા ઘરમાં નિચેના માળના રૂમોમા જોતા લાકડના બેડ ઉપર એક લોખંડની નરાશ મુકેલ હતી, તેમજ મંદિર સામે કબાટ મુકેલ હોય જે જોતા તેનો દરવાજો ખુલ્લો હતો. અને મંદીરમા મુકી રાખેલ મુર્તીઓ જે તે હાલતમા હતી. જે પછી ઉપરના પ્રથમ માળે જઈ તપાસ કરતા એક રૂમમા બે તિજોરી હતી જે બન્ને તિજોરીના દરવાજા તુટેલ ખુલ્લી હાલતમાં હતા અને તેમા મુકી રાખેલ સર સામાન જેમનો તેમ હતો પરંતુ તેના અંદરના લોકરો ખુ લ્લા હતા. જે રૂમની બાજુમા બીજો એક રૂમ આવેલ જેમા પણ એક તિજોરી હતી જેમાનો બધો સર સામાન બહાર ખુલ્લી હાલાતમાં પડેલ હતો. જે તિજોરીમાં એક નાના લોકરમાં પ્લાસ્ટીકની નાની ડબ્બીઓમા તેજસ જવેલર્સ દેલોલ તથા અંકિત જવેલર્સ રાજપીપળાના પર્સમા સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા મુકી રાખેલ હતા, જે તપાસ કરતા જોવા મળેલ નહી જેથી ફરિયાદી ને માલુમ પડેલ કે મારા ઘરમા કોઈ અજાણ્યા તથા કોઈ જાણ ભેદુ ચોર ઈસમો મારા ઘર ના દરવાજાનુ તાળું તેમજ અંદરના લોક તોડી ઘરમાં પ્રવેશ કરી તિજોરીમા મુકી રાખેલ દાગીનાઓની ચોરી કરી લઈગયેલ છે જેમાં (૧) સોનાની વિટી (સ્ત્રી) નંગ ૧૦ જે જુની વપરાયેલ આશરે કિંમત ૧૩ ૦૩૦/,(૨) સોનાની વીટી- નંગ ૦૨ જે જૂની વપરાયેલ આશરે કિંમત રૂ ૮૫૦૦/ (૩) સોનાની ચેઈન નંગ-૦૨ જુની વપરાયેલ આશરે કિંમત રૂ ૯૫૦૦ (૪) સોનાની કાનની બુટી જોડ નંગ -૦૩ જુની વપરાયેલ આશરે કિંમત રૂ ૧૬ ૦૦૦/(૫) સોનાની કાનની શેરો જોડ નંગ ૦૧ જુની વપરાયેલ આશરે કિંમત રૂ ૪૦૦૦/

(૬) ચાંદીના છડા જોડ નંગ ૦૧ જુના અપરાયેલ આશરે કિંમત રૂ ૨૦૧૦૦/

(૭) સોનાની રૂદ્રાસવાળી લક્કી નંગ ૦૧ જુની વપરાયેલ આશરે કિંમત રૂ ૨૦ ૫૦૦/(૮) સોનાનુ મગળસુત્ર નંગ ૦૧ જુનુ વપરાયેલ આશરે કિંમત રૂ ૧૬ ૦૦૦/(૯) શેકડા રૂ ૫૦૦૦/ સહિત સોના ઘરેણાં કુલ મળીને રૂ ૧ ૯૮૧૭૦/ ની ચોરી થતા અજાણ્યા તસ્કરો સામે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મતદાન શાંતિપુર્ણ માહોલમાં યોજાયુ

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન

દાહોદ,
ગુજરાત રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ અન્વયે આજે રવિવાર તા ૨૬ ના રોજ દાહોદ જિલ્લામાં સવારથી જ લોકશાહીના પર્વનો શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં પ્રારંભ થયો હતો નગરપાલિકા, જિલ્લા પંચાયત, તમામ તાલુકા પંચાયતો માટે મતદારોએ સવારથી જ મતદાન મથકો ઉપર ઉત્સાહભેર મતદાનનો પ્રારંભ કર્યો હતો

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર યોગેશ નિગુડિની સીધી દેખરેખ હેઠળ સમગ્ર જિલ્લામાં મતદાન પ્રક્રિયા સુચારુ રીતે હાથ ધરવામાં આવી હતી મતદાન મથકો પર વરિષ્ઠ નાગરિકો, યુવા મતદારો અને મહિલાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો હતો વહીવટી તંત્ર દ્વારા દિવ્યાંગ મતદારો અને વૃદ્ધો માટે ખાસ વ્હીલચેર તેમજ અનુકૂળ સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી જેથી તેઓ કોઈપણ અડચણ વગર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે.કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ જાળવી રાખવા માટે સમગ્ર જિલ્લામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો સંવેદનશીલ મતદાન મથકો સહિત મતદાન મથકો પર સીસીટીવી કેમેરા દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કાર્યરત કન્ટ્રોલ રૂમ પણ કાર્યરત છે.લોકશાહીના આ મહાપર્વમાં દાહોદ જિલ્લાના તમામ મતદારો નિર્ભય થઈને અને વધુમાં વધુ સંખ્યામાં મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી મતદાન પ્રક્રિયા સાંજના ૦૬:૦૦ કલાક સુધી ચાલશે.

મતદાન પ્રક્રિયા સવારે સાત કલાકે શરૂ થઈ ગઈ હતી જેમાં દરેક બે કલાક ના રિપોટ મુજબ દાહોદ નગર પાલિકાના નવ વોર્ડ ની મતદાન પ્રક્રિય શાંતીપૂર્ણ વાતાવરણ મા શરૂ થઈ હતી સવાર ના ૭ કલાક થી બપોર ના ત્રણ વાગ્યા સુધીના આંકડા જોઈએ તો સવાર ના ૭ કલાક થી ૯ કલાક દરમિયાન કુલ ૫૫૦૪ મતદારો એ ૮ ,૨૪% મતદાન થયું હતું.સવારે સાત વાગ્યા થી ૧૧ વાગ્યા સુધી ૧૪૯૨૬ મતદારો એ ૨૨, ૩૫ ટકા મતદાન થયું હતું સવારે સાત કલાકથી બપોર ના ૧વાગ્યા સુધીમાં ૨૪૦૬૦ મતદારોએ ૩૬, ૦૩ ટકા મતદાન થયું હતું. સવારે સાત વાગ્યા થી બપોર ના ૩ વાગ્યા સુધી મા ૧૪૯૦૭ મતદારો એ ૪૬.૭૧ટકા મતદાન થયું હતું. બપોર ના ત્રણ વાગ્યા થી સાંજના પાંચ વાગ્યા સુધી મા દાહોદ નગર પાલિકા મા થયેલ મતદાન મા કુલ ૧૯૯૮૨

## જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને તમામ મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ સાથે મતદાન પ્રક્રિયા પુર્ણ

પુરૂષ મતદારો જયારે ૧૮૪૦૬ સ્ત્રી મતદારોએ મતદાન કુલ ૩૮૩૮૮ મતદારો એ ૫૭,૫૯ ટકા મતદાન થયું હતું.દાહોદ જિલ્લા પંચાયત ની વાત કરીએ તો દાહોદ જિલ્લા સીટ પર સવારે સાત વાગ્યાથી પાંચ વાગ્યા સુધીમા ૧૭૬૧૫૮ મતદારો એ ૬૫ ,૧૯ ટકા મતદાન થયું હતું .ગરબાડામા ૮૭૪૮૭ મતદારોએ ૬૨ ,૩૪ ટકા મતદાન થયું હતું. ઝાલોદ જિલ્લાની બેઠક પર ૬૦૯૦૬ મતદારો એ ૬૩ ,૬૫ ટકા મતદાન થયું હતું લીમડી જીલ્લા બેઠક પર ૯૪૫૩૫ મતદારો એ ૬૦ ,૬૯ ટકા મતદાન થયું હતું સુખસર જિલ્લા બેઠક પર ૫૫૧૩૯ મતદારોએ ૬૬,૧૧ ટકા મતદાન થયું હતું. સંજેલી જિલ્લા બેઠક પર ૪૧૨૪૨ મતદારો એ ૬૪,૩૭ ટકા મતદાન થયું હતું ફતેપુરા જિલ્લા બેઠક પર ૫૬૮૬૧ મતદારો એ ૬૩,૦૪ ટકા મતદાન થયું હતું.સિગાવડ જિલ્લા બેઠક પર ૫૭૩૩૧ મતદારોએ ૬૭,૪૭ ટકા મતદાન થયું હતું. લીમખેડા બેઠક પર ૯૪૦૧૯ મતદારોએ ૬૮,૬૬ ટકા મતદાન થયું હતું. ધાનપુર જિલ્લા બેઠક પર ૬૩૪૭૭ મતદારોએ ૬૪,૫૭ ટકા મતદાન થયું હતું. દે બારિયા જિલ્લા બેઠક પર ૧૦૨૩૧૬ મતદારોએ ૫૯,૪૧ ટકા મતદાન થયું હતું. દાહોદ તાલુકા પંચાયતની વાત કરીએ તો સવારના ૭ વાગ્યાથી સાંજ ના પાંચ વાગ્યા સુધીમા તાલુકા વાઈસ આંકડા જોઈએ તો દાહોદ તાલુકા પંચાયત બેઠક પર ૧૭૬૧૫૮ મતદારોએ ૬૫,૧૯ ટકા મતદાન થયું હતું.ગરબાડા તાલુકા પંચાયત બેઠક પર ૮૭૪૮૭ મતદારોએ ૬૨,૩૪ ટકા મતદાન થયું હતું. ઝાલોદ તાલુકા પંચાયત બેઠક પર ૬૦૯૦૬ મતદારોએ ૬૩,૬૫ ટકા મતદાન થયું હતું. લીમડી તાલુકા પંચાયત બેઠક પર ૯૨૨૩૫ મતદારોએ ૬૦,૯ ટકા મતદાન થયું હતું સુખસર તાલુકા પંચાયત બેઠક પર ૪ ૫૫૧૩૯ મતદારોએ ૭૬,૧૧ ટકા મતદાન થયું હતું. ફતેપુરા તાલુકા પંચાયત બેઠક પર ૫૬૮૬૧ મતદારોએ ૬૪,૩૭ ટકા મતદાન થયું હતું. સંજેલી તાલુકા પંચાયત બેઠક પર ૪૧૨૪૨ મતદારોએ ૬૩,૦૪ ટકા મતદાન થયું હતું. સિગવડ તાલુકા પંચાયત બેઠક પર ૫૭૩૫૧ મતદારોએ ૬૪,૪૭ ટકા મતદાન થયું હતું. લીમખેડા તાલુકા પંચાયત બેઠક પર ૯૪૦૧૯ મતદારોએ ૬૮,૬૬ ટકા મતદાન થયું હતું.ધાનપુર તાલુકા પંચાયત બેઠક પર ૬૭૪૭૧ મતદારોએ ૬૪.૦૭ ટકા મતદાન થયું હતું. દે. બારિયા તાલુકા પંચાયત બેઠક પર ૧૦૨૩૧૬ મતદારોએ ૫૯,૪૧ ટકા મતદાન થયું હતું. દાહોદ નગર પાલિકા , જિલ્લા પંચાયત બેઠકો અને દાહોદ તાલુકા પંચાયત બેઠક પર શાંતિપૂર્ણ વાતાવરણ માં વોટિંગ થયું હતું.

## રેંટિયા ખાતે ૮૮ વર્ષના અશક્ત દાદીની સહાય કરતી પોલીસ



દાહોદ,
દાહોદમાં રેંટિયા મતદાન મથક ખાતે ઉંમર ૮૮ વર્ષના મતદાર કે જેઓ શારીરિક રીતે અશક્ત હોવા છતાં મતદાન કરવા પહોંચ્યા હતા. જ્યાં તેમને મતદાન બુથ સુધી જવા માટે પોલીસ કર્મીઓ રાકેશભાઈ ગરાસિયા તેમજ કલ્યાણી જાદવ એ ટેકો આપી મદદ કરી હતી. ૮૮ વર્ષે પણ દાદીએ પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતદાન કર્યા બાદ દાદીએ પોતાની શાહીવાળી આંગળી બતાવી ગર્વ અનુભવ્યો હતો.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં દાહોદ બી.ડીવીઝન પોલીસ ઈન્સ્પેક્ટર બી.ટી.અકબરીની પ્રસંશનીય કામગીરી



દાહોદ,
સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ૨૦૨૬ અંતર્ગત દાહોદ નગર પાલિકાના અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદાન માટે આવેલ એક વયો વૃદ્ધ મતદારને બી.ડીવીઝન દાહોદ ના પોલીસ ઈન્સપેકટર બી.ટી અકબરી દ્વારા મતદાન કરવામાં સહાયતા કરી.

## દાહોદમાં ચૂંટણી ફરજ દરમ્યાન પ્રિસાઈડીંગ ઓફિસરને ચક્કર આવતાં આરોગ્ય વિભાગ દ્વારા અપાઈ પ્રાથમિક સારવાર



દાહોદ,
દાહોદમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નઢેલાવ હેઠળ આવતા છરછોડા ગામ ખાતે સ્થાનિક ચૂંટણીની કામગીરી દરમિયાન એક તાત્કાલિક આરોગ્ય સંબંધિત ઘટના નોંધાઈ હતી.છરછોડા મુખ્ય પ્રાથમિક શાળામાં પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા ગરાસીયા જગજીવનભાઈ ભીખાભાઈને અચાનક ચક્કર આવવા, વધુ પરસેવો થવા તેમજ ગભરામણ જેવી તકલીફ અનુભવાઈ હતી.ઘટનાની જાણ થતાં સ્થળ પર હાજર ફિમેલ હેલ્થ વર્કર (FHW) દ્વારા તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી અને તેમને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવાની સલાહ આપવામાં આવી હતી, ત્યારબાદ ઈલેક્શન ડ્યુટી પર રહેલા સ્ટાફના સહકારથી ઈકો ગાડી દ્વારા તેમને તાત્કાલિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નઢેલાવ ખાતે લાવવામાં આવ્યા હતા.પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ પર રહેલા ડોક્ટર દ્વારા તપાસ કરતાં જાણવા મળ્યું કે, દર્દી બ્લડ પ્રેશર, ડાયાબિટીસ (સુગર) તથા થાઈરોઈડ માટેની દવાઓ લઈ રહ્યા છે. ડોક્ટર દ્વારા જરૂરી તબીબી સારવાર આપવામાં આવી તથા આરામ કરવાની સલાહ આપવામાં આવી હતી.હાલમાં દર્દીની સ્થિતિ સંપૂર્ણપણે સ્થિર અને સામાન્ય છે. તેઓ હાલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે તબીબી નિરીક્ષણ હેઠળ છે.

## દાહોદમાં ૯૬ વર્ષની વયે પણ હાફિઝ અબ્દુલહમીદ અદાનો લોકશાહી પ્રત્યે અનોખો ઉત્સાહ



દાહોદ,
લોકશાહીના સૌથી મોટા ઉત્સવ સમાન ચૂંટણી પ્રક્રિયામાં જ્યારે સામાન્ય નાગરિકો મતદાન કરવા ઉમટી પડ્યા હતા, ત્યારે દાહોદ જિલ્લામાં અનેક સ્થળોએ પ્રેરણાદાયી દ્રશ્યો જોવા મળ્યા હતા. મતદાન દિવ્યાંગ, અશક્ત અને વયોવૃદ્ધ મતદારોએ મતદાન કરીને અન્ય મતદારોને મતદાન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. ચૂંટણીના દિવસે કાળઝાળ ગરમી અને ભીડ વચ્ચે અનેક પડકારો હતા. ખાસ કરીને ૮૦ વર્ષથી વધુ વયના વૃદ્ધો અને શારીરિક રીતે અક્ષમ મતદારો માટે બૂથ સુધી પહોંચવું પણ મુશ્કેલ હોય તેવા વૃદ્ધ મતદારો પણ મતદાન બુથ ખાતે પોતાનો કીમતી મત આપવા માટે પરિવાર સહિત અન્યોની મદદ સાથે પહોંચ્યા હતા. પોલીસ કર્મચારીઓ દ્વારા પણ સુરક્ષાની સાથે-સાથે વરિષ્ઠ નાગરિકોને કોઈ તકલીફ ન પડે તેનું ખાસ દયાન રાખવામાં આવી રહ્યું છે. જેમાં દાહોદના સેન્ટ સ્ટીફન સ્કૂલ ખાતે ૯૬ વર્ષીય હાફિઝ અબ્દુલહમીદ અદા કે જેઓ ચાલી શકવા ઉપરાંત ઉભા કે બેસવા માટે પણ સક્ષમ નથી એઓએ પણ મતદાન કરી લોકશાહી પ્રત્યે પોતાની જવાબદારી નિભાવી હતી. એમના આવતાં જ સ્થળ પર હાજર અધિકારીઓ અને લોકોએ તેમના ઉત્સાહને બિરદાવ્યો હતો. આ વૃદ્ધ મતદારને જોતા જ અન્ય મતદારોને એ સંદેશ મળે કે, દરેક મત એ કેટલો અમૂલ્ય છે અને લોકશાહી મજબૂત બનાવવા દરેકેદરેક નાગરિકની ભાગીદારી અત્યંત જરૂરી છે.

## દાહોદમાં ચૂંટણી વચ્ચે હંગામો : 'આપ'ના મહિલા ઉમેદવારના પતિનુ અપહરણ કરી જીવલેણ હુમલો, રાત્રીના કારમાં અપહરણ કરી બાંધીને મારપીટ કર્યાનો ભાજપ ઉપર આક્ષેપ લગાવ્યા

સંજેલી,
પ્રાપ્ત માહિતી અનુસાર સંજેલી તાલુકાના મોલી ગામે આર્મી માં ફરજ બજાવતા કલ્પેશ ભાઈ કતિજા ની પત્ની જોસીલા બેન આમ આદમી પાર્ટી ના બેનર ઉપર મોલી તાલુકા પંચાયત બેઠક પર ઉમેદવારી નોંધાવી હતી.

ગઈ કાલે રાત્રી ના સમયે ઉમેદવાર ના પતિનુ અજાણ્યા લોકો અપહરણ કરી ગાડીમાં બાંધી કમર અને હાથ પગ ભાંગી શરીર ના ભાગો ઉપર મારમારી તેના બુશટ થી તેનું ગળુ બાંધી મોલી ગામ બહાર અવાવરૂ જગ્યા ફેકી જતા રહ્યાં હતા. ઉમેદવારે પોતાના પતી ની શોધખોળ કરી ત્યારે સવારે હાથ પગ બાંધી દીધેલ હાલતમાં મળી આવેલ ત્યારબાદ તેમને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવ્યા હતા.આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખે ભાજપ ઉપર આક્ષેપ લગાવ્યો છે કે, ભાજપ પોતાની ભૂંડી હાર જોવાતા આવી હરકતો કરી રહ્યા છે અને ઉમેદવાર ને ધાકધમકીઓ પણ આપવામાં આવતી હતી ઉમેદવારી ફોમ પાછું ખેંચવા માટે દબાણ કરવામાં આવતું હતુ. અને પથ્થર મારો પણ કર્યો હતો.અંતે અપહરણ કરી માર મારવામાં આવ્યો હતો.મોલી તાલુકા સીટમા આવતી બેઠકો વાસીયા ચાકીસાના બોડિયાભીત અને મોલી બેઠકો ના મતદારો જવાબ આપશે આ ઘટના ની કોઈ ફરિયાદ દાખલ થઈ નથી.પરંતુ આ ઘટના ટોક ઓફ ધી ટાઉન બનવા પામી છે

## રેન્જ આઈ.જી વિધિ ચૌધરીએ અતિસંવેદનશીલ મથકોની મુલાકાત લીધી



> મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા પૂરતી છે અને પોલીસ તંત્ર કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સજ્જ છે. નાગરિકો શાંતિપૂર્ણ રીતે અને ઉત્સાહપૂર્વક મતદાન કરે તે અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.''
> - વિધિ ચૌધરી (રેન્જ આઈ.જી)
> અત્યાર સુધી પ્રાપ્ત અહેવાલો મુજબ, ગરબાડામાં મતદાન પ્રક્રિયા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે ચાલી રહી છે અને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

ગરબાડા,
ગરબાડા તાલુકામાં આજે ૨૪ તાલુકા પંચાયત અને ૫ જિલ્લા પંચાયતની બેઠકો માટે મતદાન પ્રક્રિયા યોજાઈ રહી છે. આ લોકશાહીના પર્વમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી રેન્જ આઈ.જી વિધિ ચૌધરીએ જાતે મેદાનમાં ઉતરીને વિવિધ મતદાન મથકોનું નિરીક્ષણ કર્યું હતું.

અતિસંવેદનશીલ મથકો પર વિશેષ નજર

રેન્જ આઈજીએ ખાસ કરીને ઝરી બુઝર્ગ, સીમલીયા અને ગરબાડા સહિતના વિસ્તારોમાં આવેલા સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ મતદાન મથકોની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેમણે ત્યાં તૈનાત પોલીસ અધિકારીઓ અને જવાનોને જરૂરી સૂચનાઓ આપી હતી જેથી મતદારો નિર્ભય થઈને મતાધિકારનો ઉપયોગ કરી શકે.

મતદાનમથકો પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત.સમગ્ર ગરબાડા પંથકમાં મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. દરેક મતદાન મથક પર પોલીસ જવાનોનો પહેરો.સંવેદનશીલ વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ.ઉચ્ચ અધિકારીઓ દ્વારા ક્ષણે-ક્ષણનું મોનિટરિંગ.

## દે.બારીઆ નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશનની આ છે હાલત ! જુઓ નરી આંખે...



દે.બારીઆ,
દે.બારીઆ નગરપાલિકામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત લાખો-કરોડોના બિલો પાસ થઈ જાય છે. ટકાવાકીના આધારના અંતર્ગત સ્થળ પર કાર્ય દેખવા મળતા નથી. તેવુ શહેરીજનોમાં ત્રણ ગણા જોવા મળી રહ્યા છે. વોર્ડના સભ્યોના પાલિકાના કર્મીઓ સાંભળવા માટે તૈયાર નથી. દરેક વોર્ડમાં ગટરોમાં કાદવ-કિચડના જામ લાગેલા જોવા મળે છે. તે કોણ અને કયારે દુર કરશે...?તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અનેક એજન્સીઓના ટેન્ડરો પાસ થઈ જાય છે. વચેટિયાઓના માધ્યમથી જેમાં બાંધ કાર્ય હોય કે સ્વચ્છતાં દરેક ટેન્ડરીંગમાં ટકાવારી તો હોય ને હોય છે...?તેના કારણે તમામ વિકાસના કામોમાં પારદર્શિતા જણાવાતી હોય તેવુ દેખવામાં આવતુ નથી. ડોર ટુ ડોર એજન્સીનો માલિક કોણ છે...?તે તેમાં કાર્ય કરનારને ખબર નથી. જયારે ડોર ટુ ડોરના કચરો કલેકશન કરાતા વાહનમાં ટાઈટલ સાઉન્ડનુ રેકોર્ડિંગ હાલમાં બંધહોવાથી કચરો નાંખનારાને ખબર હોતી નથી. તેથી સ્વચ્છતાં માટેનો ટાઈટલ સાઉન્ડ આમ જનતાને સંભળાય તેની રેકોર્ડિંગની ટેપ ચાલુ થાય તેવી માંગ ઉઠી છે.તેમજ સામે ચોમાસુ સીઝના બે-ત્રણ માનસ અગાઉ મોન્સુન માટે પ્રિ-મોન્સુનની કામગીરી હાથ ધરવાનો સમય આવી ચુકયો છે. તેવા સમયે વરસાદી કાંસો,ગંદા પાણીની તમામ ગટરો કાંસો અને વરસાદી કાંસોની સાફ સફાઈ માટે ગતિશીલ અને સંવેદનશીલ સરકાર કરોડોની ગ્રાન્ટના નામે કોઈપણ એજન્સીના કાર્યો કર્યા વગર બિલો ના બને તેવી તકેદારી કોણ રાખશે...? અને સ્વચ્છ ભારત મિશન સ્થળ ઉપર કાર્ય દેખી તપાસ બિલોને મંજુર કરવામાં આવે. હાલમાં આર.સી.રોડના કાર્યો અધુરા છે. તેના માટે કોણ જવાબદાર છે તેની તપાસ કોણ કરશે તે આવનારો સમય બનાવશે.

## શહેરા તાલુકા સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે મતદારોએ ઉત્સાહ સાથે મતદાન કર્યુ



શહેરા,
શહેરા તાલુકામાં વહેલી સવારથી જ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો હતો. શાંતિપૂર્ણ માહોલ વચ્ચે શરૂ થયેલી મતદાન પ્રક્રિયામાં સામાન્ય નાગરિકોની સાથે રાજકીય દિગ્ગજો પણ વહેલી સવારથી જ મતાધિકારનો ઉપયોગ કરવા ઉમટી પડ્યા હતા. જેમાં તાલુકાના રાજકારણના ચાણક્ય ગણાતા અને બોરિયા જિલ્લા પંચાયત બેઠકના ભાજપના ઉમેદવાર મગન વિરમ પટેલીયાએ પોતાના વતન પથનપુર ખાતે પરિવાર સાથે મતદાન કરી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.શહેરા નગર પાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની ૨૮ બેઠકો માટે યોજાયેલી આ ચૂંટણીમાં વહીવટી તંત્ર દ્વારા કુલ ૧૫૯ જેટલા મતદાન મથકો ઊભા કરવામાં આવ્યા હતા. સવારના ૭ વાગ્યાથી જ મતદારોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો અને ગ્રામ્ય તેમજ નગર વિસ્તારોમાં મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. ખાસ કરીને યુવા મતદારો અને મહિલાઓમાં મતદાનને લઈને ભારે જાગૃતિ જોવા મળી હતી. વહીવટી તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો. તાલુકાના રાજકારણમાં વર્ષોથી વર્ચસ્વ ધરાવતા અને ભારતીય જનતા પાર્ટીના પીઢ નેતા મગન વિરમ પટેલીયા પોતાના વતન સગરાડાના પથનપુર ખાતે પહોંચ્યા હતા. બોરિયા જિલ્લા પંચાયત બેઠક પરથી ચૂંટણી લડી રહેલા મગનભાઈએ તેમના પરિવારના સભ્યો સાથે મતદાન મથકે જઈ મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ભાજપના ચાણક્ય ગણાતા આ નેતાને જોવા અને મળવા માટે મતદાન મથક બહાર સમર્થકોની પણ ભીડ જામી હતી.મતદાન કર્યા બાદ મગન પટેલીયાએ જણાવ્યું હતું કે, ''લોકશાહીના આ પર્વમાં મેં મારા પરિવાર સાથે મતદાન કર્યું હતું. તાલુકાની જનતા હંમેશા વિકાસની રાજનીતિમાં વિશ્વાસ રાખે છે. ભાજપ સરકારે કરેલા જનહિતના કાર્યો અને પ્રજાના અતૂટ વિશ્વાસના જોરે આ વખતે પણ શહેરામાં ભાજપનો ભગવો લહેરાશે.'' વધુમાં તેમણે પોતાની જીત અંગે સો ટકા આત્મવિશ્વાસ વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષો પાસે કોઈ મુદ્દા નથી, જ્યારે ભાજપ પાસે વિકાસનું ભાથું છે.સમગ્ર તાલુકામાં મતદાન પ્રક્રિયા દરમિયાન ક્યાંયથી પણ કોઈ અપ્રિય ઘટનાના સમાચાર મળ્યા નથી. ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ દરેક મથક પર પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી

## ફરિયાદીએ પેઢીના પ્રોપ્રરાઈટર હોવાનો કોઈ પુરાવો રજુ નહી કરતા જલાખના ચેક રીટર્ન કેસમાં વડોદરા કોર્ટે આરોપીને નિર્દોષ જાહેર કર્યો

કાલોલ,
ડેસર તાલુકાના છાલિયેર ગામના શ્રી જલા ટ્રેડર્સ ના નામે વેપાર કરતા રાજેશકુમાર હસમુખલાલ ઠક્કરે રાયપુરા પો. છાલીયેર ના કનુભાઈ વિહાભાઈ દેસાઈ ને કલ્પેશભાઈ નામના વ્યકિત કે જેઓ બન્ને ના મિત્ર થતા હોય મિત્રતા ના સંબધો હોય આરોપીને ભેંસો ખરીદવા માટે જુલાઈ ૨૦૨૨ માં પૈસાની જરૂર પડતા વધુમાં આરોપી ૨૦૨૨ ના દિવાળીમાં નિવૃત થનાર હોય દિવાળી પર ચૂકવવાના વાયદે રૂ ૪ લાખ ઉછીના આપ્યા હતા. આરોપીએ રૂ ૪ લાખનો ચેક તા ૧૧/૧૦/૨૩ ના રોજ નો એસબીઆઈ ડેસર બ્રાંચ નો આપ્યો હતો જે ચેક ફરિયાદીએ પોતાની ગુજરાત ગ્રામીણ બેંક છાણી શાખા મા જમા કરાવતા બેંકે ''એક્સીડ એરેજમેન્ટ '' ના શેરા સાથે રિટર્ન થયો હતો જે બાદ નોટિસ આપ્યા બાદ વડોદરાના ૨૭ મા એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ સમક્ષ નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી જે કેસમાં આરોપી તરફે એડવોકેટ જે બી જોશી હાજર રહ્યા હતા. આરોપી તરફે એડવોકેટ જે બી જોશીએ ફરિયાદીની ઊલટ તપાસમાં મહત્વની હકીકત બહાર લાવી હતી કે ચેક શ્રી જલા ટ્રેડર્સ ના નામે છે ફરિયાદીના નામે નથી તેમજ ફરિયાદી રાજેશકુમાર હસમુખલાલ ઠક્કરે પોતે શ્રી જલા ટ્રેડર્સ ના પ્રોપ્રાઈટર હોવા અંગેનો કોઈ પુરાવો રજૂ કર્યો નથી. જેથી એપેક્ષ કોર્ટ ના વિવિધ ચુકાદા તેમજ ફરિયાદી નો ચેક હોલ્ડર્સ ઈન ડયુ કોર્સ હોવાનું માની શકાય નહી તેવું ઠરાવી વધુમાં આરોપી તરફે એડવોકેટ જે બી જોશીએ સુપ્રીમ કોર્ટના રજુ કરેલ મિલિન્દ શ્રીપાદ ચંદુરકર વી કલીમ એમ ખાન ના ચુકાદાને દયાને લઈને વડોદરાના ૨૭ મા એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ એમ બી મહેતાએ ફરિયાદી પોતાનો કેસ નિઃશંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયા હોય આરોપી કનુભાઈ વિહાભાઈ દેસાઈ ને નિર્દોષ જાહેર કરી છોડી મુકવાનો આદેશ આપ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 29, No.208

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જિલ્લા સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે યોજાયેલ મતદાન શાંતિપુર્ણ માહોલમાં યોજાયુ

## ગોધરા નગરપાલિકાનુ ૬૩ ટકા મતદાન નોંધાયુ

ગોધરા,
પંચમહાલ જિલ્લા સ્થાનિક સ્વરાજયની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને તાલુકા અને બે નગરપાલિકાઓની ચુંટણી માટે મતદાન યોજાયુ હતુ. વહેલી સવારે ૭ વાગ્યાથી મતદાન મથકો ઉપર મતદાન શરૂ થયુ હતુ. વહેલી સવારે મતદારો ઉત્સાહ સાથે મતદાન કરતા જોવા મળ્યા હતા. બપોર બાદ આકરી ગરમીને લઈ મતદારોની સંખ્યા ઘટી હતી. મોડી સાંજે મતદારો ગરમી વચ્ચે પણ પણ મતદાન મથકો સુધી પહોંચ્યા હતા.

## શહેરા નગરપાલિકામી ૭૪.૬૮ ટકા મતદાન નોંધાયુ

જિલ્લા સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં જિલ્લા અને તાલુકા પંચાયતની ચુંટણી માટે સવારે ૭ થી ૫ વાગ્યા સુધી ૬૧.૦૭ નોંધાયુ છે. જયારે ગોધરા નગરપાલિકામાં ૫૫.૭૬ ટકા , શહેરા નગરપાલિકામાં ૬૫.૯૩ ટકા મતદાન નોંધાવવા પામ્યુ છે.

પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે મતદાન યોજાયુ હતુ. જેમાં જિલ્લા પંચાયતની ૩૮ બેઠકો પૈકી ૩૧ બેઠકો અને તાલુકા પંચાયતોની કુલ ૧૭૪ બેઠકોમાંથી ૨૬ બેઠકો

## જિલ્લા પંચાયતમાં ૬૯ ટકા મતદાન નોંધાયુ

બિનહરીફ થતાં ૧૪૮ બેઠકો માટે મતદાન યોજાયુ હતુ. જયારે ગોધરા નગરપાલિકાની ૪૪ બેઠકો પૈકી ૪૦ બેઠકો માટે અને શહેરા નગરપાલિકાની ૨૮ બેઠકો પૈકી ૧૧ બેઠકો માટે મતદાન યોજાયુ હતુ. સ્થાનિક સ્વરાજયની ચુંટણી માટે વહેલી સવારે ૭ વાગ્યાથી શાંતિપુર્ણ માહોલ વચ્ચે મતદાન મથકો ઉપર મતદાન શરૂ થયુ હતુ. સ્થીનક સ્વરાજયની ચુંટણીમાં સવારે ૭ થી ૧૨ વાગ્યા સુધી મતદારોએ ઉત્સાહપુર્વક મતદાન કરવા મતદાન મથકો ખાતે પહોંચ્યા હતા. બપોરના

## તાલુકા પંચાયતો માટે ૬૮.૮૫ ટકા મતદાન નોંધાયુ

૧૨ થી ૪ વાગ્યા સુધી આકરા તાપ અને ગરમીને કારણે મતદાન મથકો ઉપર મતદારોની સંખ્યા પાંખી જોવા મળી હતી. ૪ વાગ્યા પછી ગરમી વચ્ચે પણ મતદારો મતદાન મથકો સુધી પહોંચ્યા હતા.

પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીના મતદાનમાં કોઈ ઈચ્છનીય બનાવ વચ્ચે શાંતિપુર્ણ માહોલમાં મતદાન પુર્ણ થયુ હતુ. જિલ્લા સ્થાનિક સ્વરાજયની ચુંટણી શાંતિપુર્ણ માહોલમાં પુર્ણ થતાં જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ગોધરાના શારદા મંદિર સ્કૂલ મતદાન મથકમાં આગ : શોર્ટ સર્કિટથી આગ લાગી, EVM સુરક્ષિત જગ્યાએ ખસેડાયા



ગોધરા,
ગોધરાના બામરોલી રોડ પર આવેલી શારદા મંદિર સ્કૂલના મતદાન મથકમાં આજે મતદાન પૂર્વે આગ લાગી હતી. ફાયર વિભાગની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવ્યો હતો. ચૂંટણી સ્ટાફની સતર્કતાને કારણે ઈવીએમ મશીનોને સુરક્ષિત રીતે ખસેડી લેવાયા હતા, જેથી કોઈ નુકસાન થયું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, મતદાન મથકમાં લગાવવામાં આવેલા એર કંડિશનરમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ ભભૂકી ઉઠી હોવાનું અનુમાન છે. આ ઘટનાને પગલે ભારે દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.આગની જાણ થતા જ ગોધરા ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. બામરોલી રોડ વિસ્તાર ટ્રાફિકથી ધમધમતો હોવાથી, ફાયરબ્રિગેડના વાહનને ઝડપથી પહોંચાડવા માટે પોલીસે પાયલોટિંગ કરીને રસ્તો ક્લિયર કરાવ્યો હતો.ફાયર વિભાગ દ્વારા પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો છે. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી અને મતદાન પ્રક્રિયાને અસર થઈ નથી.



**કાલોલના મલાવ ગામે ૯૭ વર્ષીય વૃદ્ધે મતદાન કર્યુ : પંચમહાલ SP હરેશ દુધાતે સાલ ઓઢાડી સન્માન કર્યું**



**ગોધરાના પઢીયાર ગામે લોકશાહીનો ઉત્સવ : માતા સાથે પુત્રીઓએ પ્રથમ વખત મતદાન કરી પ્રેરણા પૂરી પાડી**



**રાજયસભાના સાંસદ ડો.જશવંતસિંહ પરમાર એ પોતાના પરિવાર સાથે આવી કર્યુ મતદાન**

## પંચમહાલના કાલોલ તાલુકાના ૧૧૨ વર્ષીય લક્ષ્મીબા એ મતદાન કરી યુવા મતદારોને પ્રેરણા પૂરી પાડી

કાલોલ,
પંચમહાલ જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી અંતર્ગત આજે લોકશાહીનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે, ત્યારે કાલોલ તાલુકાના કાતોલ ગામના ૧૧૨ વર્ષીય લક્ષ્મીબા એ મતદાન કરી અન્ય મતદારો માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.વધતી જતી ઉંમર અને શારીરિક મર્યાદાઓને બાજુએ મૂકી લક્ષ્મી બા એ મતદાન મથક પર પહોંચીને પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. લોકશાહી પ્રત્યેની તેમની આ અતૂટ શ્રદ્ધા જોઈને મતદાન મથક પર હાજર રહેલા અન્ય મતદારો અને ચૂંટણી સ્ટાફ પણ પ્રભાવિત થયો હતો.મતદાન એ માત્ર હક નથી પરંતુ દેશના નાગરિક તરીકેની પવિત્ર ફરજ છે. જયારે શારીરિક રીતે અશકત હોવા છતાં વડીલો આટલા ઉત્સાહ સાથે મતદાન કરી શકતા હોય, ત્યારે યુવા પેઢીએ પણ અચૂક મતદાન કરવું જોઈએ.આમ,કાલોલના આ શતાયુ લક્ષ્મી બા એ આજે લોકશાહીના સાચા પ્રહરી બનીને સમાજમાં જાગૃતિનો સંદેશ પ્રસરાવ્યો છે.



## અદમ્ય ઉત્સાહ અને અતૂટ કર્તવ્યભાવ !

ગોધરાની હરિકૃષ્ણ સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય દિવ્યાંગ મતદાર મોહનભાઈ જામનાણીએ સાબિત કરી દીધું કે જો મનમાં અટલ નાગરિક ધર્મ હોય, તો શારીરિક મર્યાદાઓ ક્યારેય આડે આવતી નથી. પોતાની દિવ્યાંગતાને અવગણીને તેમણે મતદાન કર્યું અને લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બની સૌને પ્રેરણા પૂરી પાડી છે.



## ગોધરા નગરપાલિકા મતદાનમાં વોર્ડ નં.-૯માં સર્વાધિક ૬૪.૫૧% અને વોર્ડ નં.-૧૦માં સૌથી ઓછું ૪૪.૭૦% મતદાન

ગોધરા,
ગોધરા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના ૧૧ વોર્ડમાં થયેલા મતદાનના આંકડાઓ સામે આવ્યા બાદ સમગ્ર ચૂંટણી ચિત્ર વધુ સ્પષ્ટ બન્યું છે. આંકડાઓ મુજબ શહેરમાં કુલ મતદાન ટકાવારી મધ્યમ સ્તરે રહી છે, પરંતુ વોર્ડ વાર જોવામાં આવે તો મતદાનમાં નોંધપાત્ર અસમાનતા જોવા મળી છે.આ ચૂંટણીમાં વોર્ડ નં. ૯માં સૌથી વધુ ૬૪.૫૧ ટકા મતદાન નોંધાયું છે, જે શહેરમાં સર્વોચ્ચ છે. આ વોર્ડમાં પુરુષ મતદાન ૬૫.૧૨ ટકા અને સ્ત્રી મતદાન ૬૩.૮૭ ટકા નોંધાયું હતું, જે બંને વર્ગમાં સક્રિય ભાગીદારી દર્શાવે છે. બીજી તરફ વોર્ડ નં. ૧૦માં માત્ર ૪૪.૭૦ ટકા મતદાન નોંધાયું છે, જેમાં પુરુષ મતદાન ૪૯.૩૨ ટકા અને સ્ત્રી મતદાન ૩૯.૮૨ ટકા રહ્યું હતું. આ ઓછું મતદાન રાજકીય પક્ષો માટે



ચિંતાનો વિષય બની શકે છે.

વોર્ડ નં. ૬માં ૬૩.૦૧ ટકા મતદાન નોંધાયું, જેમાં પુરુષ મતદાન ૬૬.૨૬ ટકા અને સ્ત્રી મતદાન ૫૯.૫૬ ટકા રહ્યું હતું. આ વોર્ડમાં મતદારોનો ઉત્સાહ નોંધપાત્ર રહ્યો હતો. વોર્ડ નં. ૫માં ૬૨.૦૦ ટકા અને વોર્ડ નં. ૭માં ૬૧.૮૪ ટકા મતદાન નોંધાયું હતું, જે શહેરના સારા પ્રતિસાદ ધરાવતા વિસ્તારોમાં ગણાય છે.

વોર્ડ નં. ૮માં ૫૯.૧૬ ટકા અને વોર્ડ નં. ૧માં ૫૫.૪૪ ટકા મતદાન નોંધાયું હતું, જે સરેરાશની આસપાસ ગણાય છે. વોર્ડ નં. ૨માં ૫૦.૪૯ ટકા મતદાન નોંધાયું હતું, જ્યારે વોર્ડ નં. ૩માં ૪૮.૧૧ ટકા અને વોર્ડ નં. ૪માં ૪૮.૮૯ ટકા મતદાન નોંધાયું હતું. આ વોર્ડોમાં મતદારોનો ઉત્સાહ ઓછો જોવા મળ્યો હતો.
વોર્ડ નં. ૧૧માં ૪૭.૯૨ ટકા મતદાન નોંધાયું હતું, જે શહેરના ઓછા મતદાન ધરાવતા વોર્ડોમાં સમાવેશ થાય છે. આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે કે,મોટાભાગના વોર્ડમાં પુરુષ મતદાન ટકાવારી સ્ત્રી મતદાન કરતાં વધુ રહી છે, જે મતદાનમાં લિંગ આધારિત તફાવત દર્શાવે છે.ચૂંટણીના દિવસે સવારે મતદાન મથકો પર સારી ભીડ જોવા મળી હતી, પરંતુ બપોર પછી અસહ્ય ગરમીને કારણે મતદાનમાં ઘટાડો નોંધાયો હતો. છતાં પણ લોકો લોકશાહી પ્રત્યેની પોતાની ફરજ નિભાવતા મતદાન મથકો સુધી પહોંચ્યા હતા.સુરક્ષા વ્યવસ્થા અને પ્રશાસનની યોગ્ય તૈયારીને કારણે સમગ્ર મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. હવે તમામ ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે સૌથી મહત્વપૂર્ણ દિવસ મતગણતરીનો રહેશે, જ્યાં આ મતદાનના આંકડા અંતિમ પરિણામમાં કેવી અસર કરે છે તે સ્પષ્ટ થશે.

## સવારે ઉત્સાહ, બપોરે લૂનો પ્રકોપ : આકરા તાપ વચ્ચે મતદાનની ગતિ ધીમી પડી

### આકરી ગરમીએ બદલ્યો મતદાનનો મિજાજ, સવારની લાંબી કતારો બપોરે ઓઝલ થઈ

શહેરા,
પંચમહાલ જિલ્લામાં લોકશાહીના પર્વની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં શરૂ થઈ હતી, પરંતુ બદલાતા હવામાને બપોર બાદ મતદાનના મિજાજને પ્રભાવિત કર્યો હતો. સવારના સમયે મતદાન મથકો પર જોવા મળેલી લાંબી કતારો બપોર થતાની સાથે જ ઓઝલ થઈ ગઈ હતી.અને તાપમાનના પારાએ મતદારોના ઉત્સાહ પર બ્રેક લગાવી હોય તેવું ચિત્ર અનેક મતદાન મથકો પર જોવા મળ્યું હતું.શહેરા અને મોરવા હડફ સહિત સમગ્ર જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મતદારોનો ઉત્સાહ જોવા મળી રહ્યો



હતો.અનેક મતદાન મથકો પર દસ વાગ્યા પહેલાં મતદારોની લાંબી લાઈનો લાગેલી હતી. જોકે, જેમ-જેમ દિવસ ચઢતો ગયો અને સૂર્યનારાયણે પ્રકોપ દેખાડવાનું શરૂ કર્યું, તેમ તેમ સ્થિતિ બદલાઈ હતી. બપોરના ૧૨ વાગ્યા બાદ તાપમાનનો પારો અચાનક ઊંચકાયો હતો, જેના કારણે અમુક મતદાન મથકો પર સન્નાટો પ્રસરી ગયો હતો.આકરા તાપ અને અસહ્ય બફારાને કારણે સામાન્ય જનજીવન પ્રભાવિત થયું છે. ગરમીથી બચવા માટે લોકોએ બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું, જેની સીધી અસર મતદાન પર જોવા મળી હતી. જિલ્લાના અનેક બૂથ પર બપોરના સમયે માત્ર ગણ્યાગાંઠ્યા મતદારો જ મતાધિકારનો ઉપયોગ કરવા પહોંચી રહ્યા હતા. આકરા તડકાને લીધે વૃદ્ધો અને મહિલાઓની સંખ્યામાં થોડો ગણો ઘટાડો નોંધાયો હતો.જ્યારે ગરમીની ગંભીરતાને ધ્યાને રાખીને ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથકો પર છાંયડા માટે મંડપ, પીવાના ઠંડા પાણીની સુવિધા અને ઈમરજન્સી મેડિકલ કિટની વ્યવસ્થા કરવામાં આવા સાથે ચૂંટણી અધિકારી દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું હતુ,અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં ક્યાંય પણ કોઈ અનિચ્છનીય બનાવ કે ઘર્ષણના સમાચાર નથી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઈ હતી.

## વેજલપુર સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ૬૦૭૪૩ નું મતદાન : ૭૪.૨૪ % મતદાન નોંધાયું, ભાવિ ઉમેદવારોનું ભાવિ EVM મશીનોમાં સીલ

કાલોલ,
કાલોલ તાલુકા ના વેજલપુર જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી માં ૬૦૭૪૩ નું મતદાન ૭૪.૨૪ % મતદાન નોંધાયું.ભાવિ ઉમેદવારો નું ભાવિ એવી એમ મશીનો માં સીલ થવા પામ્યુ છે. કાળઝાળ ગરમીમાં મતદારો એ શાંતિપૂર્ણ મતદાન કર્યું હતું.

વેજલપુર ગામના તમામ બુથો ઉપર વહેલી સવારથી મતદારોની ભીડ જોવા મળી નહતી જેથી દરેક મતદાતા ઓને શાંતિથી મતદાન કરવામાં રાહત મળી હતી બીજી તરફ પોલીસ પ્રશાસન એ વય વુધો ને હાથ પકડી મતદાન મથક સુધી લઈ જઈ ને મતદાન કરાવ્યું હતું.જેથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધો ટકકર જોવા મળી હતી અને આજરોજ મતદાન પર્વ દિવસ નિમિત્તે અનેક લોકોએ પોતાના મત અધિકાર નો ઉપયોગ કર્યો હતો અને કાળઝાળ ગરમીમાં પણ લોકોએ મતદાન મથક ઉપર વહેલી સવારથી મતદાન કરી પોતાના ઉમેદવાર ને મત આપ્યો



હતો.અને કેટલાક મતદારોએ કાળઝાળ ગરમીમાં મતદાન કરવાનું ટાળ્યું હતું.જેના કારણે ૬૦૭૪૩ નું મતદાન થયું હતું ૭૪.૨૪ % મતદાન નોંધાયું હતું.જેથી જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ના ઉમેદવારોનું ભાવી એવી એમ મશીનો માં સીલ થયું છે.તમામ બુથો ઉપર મશીનો સીલ કરી સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે.જેથી હવે ચૂંટણી પરીણામ ૨૮ તારીખે ખબર પડશે કે મતદારોએ ક્યાં નેતા ની પસંદગી કરી છે.

## કાલોલમા ચૂંટણી ફરજ પર દારૂ પીને આવેલા આચાર્યની ધરપકડ : શૈક્ષણિક આલમમાં ચકચાર

કાલોલ,
સ્થાનીક સ્વરાજયની ચૂંટણી ૨૦૨૬ માહોલ વચ્ચે કાલોલમાં એક શરમજનક ઘટના સામે આવી છે. શનિવારે કાલોલની એમ.એમ. ગાંધી કોલેજ ખાતે ઈવીએમ (EVM) વિતરણ દરમિયાન નશાની હાલતમાં લથડિયાં ખાતા એક પોલિંગ ઓફિસરની પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કાલોલની એમ.એમ. ગાંધી કોલેજ ખાતેથી મતદાન પ્રક્રિયા માટે ઈવીએમ મશીનો અને અન્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું. આ દરમિયાન કોલેજની લોબીમાં એક વ્યક્તિ નશાની હાલતમાં લથડિયાં ખાતો અને બકવાટ કરતો જોવા મળ્યો હતો. ફરજ પરના પોલીસ કર્મચારીઓએ આ અંગે પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તાત્કાલિક પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.
પોલીસે જયારે નશામાં ધૂત શખ્સની પૂછપરછ કરી ત્યારે ચોંકાવનારી વિગતો સામે આવી હતીઃ
નામઃ વિવેક નટવરલાલ ઘોડ (ઉંમર ૪૦ વર્ષ)
હોદ્દો : આચાર્ય, પલાસા પ્રાથમિક શાળા (છેલ્લા એક વર્ષથી ફરજરત) હાલ તેની જેતપુર-૩, મતદાન મથક-૧, પ્રાથમિક શાળા તરવડા ફળિયામાં પોલિંગ ઓફિસર તરીકે નિમણૂક થઈ હતી. મૂળ રે.સંતરામપુર, હાલ વાઘોડિયા રોડ. વડોદરાપોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી સીધી લીટીમાં ચાલી શકતો નહોતો અને તેના મોઢામાંથી દારૂની તીવ્ર દુર્ગંધ આવી રહી હતી. નશો કરવા બાબતે કોઈ પણ પાસ કે પરમિટ ન હોવાથી, પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ તેની અટકાયત કરી છે.નોંધપાત્ર બાબત છે કે ચૂંટણી જેવી જવાબદારીભરી પ્રક્રિયામાં એક જવાબદાર આચાર્ય કક્ષાનો અધિકારી નશો કરીને આવતા વહીવટી તંત્ર અને શૈક્ષણિક જગતમાં ભારે ચર્ચા જાગી છે.

## લોકશાહીનું અનોખું પર્વ : શહેરામાં લગ્નગ્રંથિએ જોડાતા પહેલા વરરાજાઓ પહોંચ્યા મતદાન મથકે

શહેરા,
એક તરફ શરણાઈઓના સૂર અને બીજી તરફ લોકશાહીનો ઉત્સવ શહેરા તાલુકામાં આજે કંઈક આવો જ અનોખો સંગમ જોવા મળ્યો હતો. લગ્નના પવિત્ર બંધનમાં બંધાતા પહેલાં યુવાનોએ નાગરિક ધર્મ નિભાવીને સૌને ચોંકાવી દીધા હતા. 'પહેલા મતદાન, પછી જાન'ના સંકલ્પ સાથે વરરાજાઓ શેરવાની અને સાફામાં સજ્જ થઈ જ્યારે મતદાન મથકે પહોંચ્યા, ત્યારે લોકશાહી પ્રત્યેની તેમની નિષ્ઠા જોઈને સૌ કોઈ ભાવવિભોર બની ગયા હતા.શહેરા સહિત સમગ્ર જિલ્લામાં આજે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનું મતદાન અત્યંત ઉત્સાહપૂર્ણ અને શાંતિપૂર્ણ માહોલમાં પ્રારંભાયું હતું. વહેલી સવારથી જ મતદારોમાં અનેરો જોમ જોવા મળી રહ્યો હતો, પરંતુ આ લોકશાહીના મહાપર્વમાં સૌથી પ્રેરણાદાયી કિસ્સો તાલુકાના જૂની વાડી, વલ્લભપુર અને પાદરડી ગામેથી સામે આવ્યો છે.જૂની વાડી ગામના બે યુવાનો જયકરણસિંહ સોલંકી અને રોહિત સોલંકીના લગ્ન આજે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સોજા ગામે નિર્ધારિત હતા. ઘરે જાન નીકળવાની તૈયારીઓ હતી, ઢોલ-નગારા વાગી રહ્યા હતા, પરંતુ આ બંને યુવાનોએ નક્કી કર્યું હતું કે સંસારની નવી સફર શરૂ કરતા પહેલા તેઓ દેશ માટે પોતાની પ્રથમ ફરજ નિભાવશે,પરંપરાગત વરરાજાના પહેરવેશમાં સજ્જ થઈને આ બંને યુવાનો સીધા જ મતદાન મથકે પહોંચ્યા હતા.



સાફો અને શેરવાની પહેરેલા વરરાજાઓને કતારમાં ઉભેલા જોઈ અન્ય મતદારોમાં પણ ભારે કુતૂહલ અને આશ્ચર્ય જોવા મળ્યું હતું. મતદાન કર્યા બાદ તેમણે વિજય મુદ્રા દર્શાવી સંદેશ આપ્યો હતો કે, "લગ્ન જેટલા જ મહત્વના લોકશાહીના આ પર્વમાં મતાધિકારનો ઉપયોગ કરવો એ દરેક જાગૃત નાગરિકની જવાબદારી છે.માત્ર જૂની વાડી જ નહીં, પણ પાદરડી અને વલ્લભપુર ગામમાં પણ આવો જ નજારો જોવા મળ્યો હતો. અહીં પણ લગ્નના સાત ફેરા ફરતા પહેલા વરરાજાઓ પોતાના પરિવાર સાથે મતદાન મથકે ઉમટી પડયા હતા. તેમણે મતાધિકારનો પ્રયોગ કર્યા બાદ જ જાન લઈને નીકળવાનું પસંદ કર્યું હતું.વરરાજાઓના આ પગલાથી મતદાન મથકો પર હાજર વૃદ્ધો અને યુવાનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ચૂંટણી અધિકારીઓએ પણ આ નવયુવાનોની જાગૃતિને બિરદાવી હતી. આ ઘટનાએ સાબિત કર્યું છે કે જ્યારે નાગરિક પોતાની જવાબદારી પ્રત્યે સજાગ હોય, ત્યારે કોઈ પણ અંગત પ્રસંગ લોકશાહીની ફરજમાં આડે આવતો નથી.

## કાલોલ ખાતે હઝરત સૈયદ અઝીમુદ્દીન જીલાની સાથે હઝરત સૈયદ મોઇનુદ્દીન બાબાની ઉર્ષની ધામધૂમથી ઉજવણી કરાઇ



કાલોલ,
કાલોલ ખાતે ગુલામાને અઝીમે મિલ્લત ગ્રુપ દ્વારા હઝરત સૈયદ અઝીમુદ્દીન મહમુદ નુરૂલ્લાહ જીલાની અલયહિર્રહમા ના ૩૮મા સાથે હઝરત સૈયદ મોઈનુદ્દીન ફકીરૂલ્લાહ જીલાની અલયહિર્રહમાના બીજા ઉર્ષની ઉજવણી ધામધૂમ અને ભક્તિભાવપૂર્વક કરવામાં આવી હતી.અને આ પાવન અવસરે ધર્મગુરૂ મુફ્તી શેખ સૈયદ ઉમર સલીમ સાહેબ હુસૈની રિફાઈ (બગદાદ શરીફ)તેમજ કારી સૈયદ અમીરુદ્દીન કાદરી બાબા ની પ્રેરક ઉપસ્થિતિમાં ઉર્ષની ઉજવણી કારવામાં આવી હતી.જયાં મોટી સંખ્યામાં અનુયાયીઓ અને અકીદતમંદોની ઉપસ્થિત વચ્ચે દીન-ઈ-ઈસ્લામના સિદ્ધાંતો અને વલીઓના જીવનમાંથી માર્ગદર્શન મેળવવાની પ્રેરણા આપવામાં આવી હતી જયાં સમગ્ર માહોલ ભક્તિ અને શ્રદ્ધાભાવથી ઓતપ્રોત રહ્યો હતો.ઉર્ષની ઉજવણી અંતર્ગત ખાસ દુઆઓ કરવામાં આવી અને દેશ-સમાજમાં શાંતિ, એકતા અને ભાઈચારો વધે તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી અંતમાં હાજર તમામ ભક્તજનો માટે ન્યાઝ (લંગર)નું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમને સફળ બનાવવા ગુલામાને અઝીમે મિલ્લત ગ્રુપ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.